| | | | |
|---|---|---|---|
| કેસ દાખલ તારીખ | ૧૪/૦૭/૨૦૨૫ | | |
| કેસ નોંધણી તારીખ | ૧૪/૦૭/૨૦૨૫ | | |
| કેસ ફેંસલ તારીખ | ૨૪/૦૪/૨૦૨૬ | | |
| **સમયગાળો** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | ૦૦ | ૦૯ | ૧૦ |

---

**મહેરબાન ભરૂચના પાંચમાં એડીશનલ સેસન્સ જજ સાહેબની કોર્ટમાં, મુકામ : ભરૂચ**

---

**સેસન્સ કેસ નં.૪૧/૨૦૨૫**

**આંક–**

**(આમોદ પો.સ્ટે. ગુ.ર.નં.ફર્સ્ટ–૦૩/૨૦૧૭)**

ઇ.પી.કો. કલમ–૩૦૨, ૩૫૪(એ)૧, ૨, ૨૦૧ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ.

**–:: ફોર્મ–એ ::–**

| | |
|---|---|
| ફરીયાદી:– | શ્રી સરકાર |
| ફરીયાદ પક્ષે :– | વિ.એ.જી.પી.શ્રી જે.જે.પરમાર |
| આરોપી:– | રમેશભાઈ મેલાભાઈ વસાવા<br>ઉ.વ.૫૦<br>રહે.માનસીંગપુરા ગામ,તા.આમોદ, જી.ભરૂચ. |
| આરોપીપક્ષે:– | વિ.વ.શ્રી જે.વી.પટેલ |

**–:: ફોર્મ–બી ::–**

| | |
|---|---|
| ગુનો બન્યાની તારીખ :– | તા.૨૫/૦૧/૨૦૧૭ થી<br>તા.૨૬/૦૧/૨૦૧૭ કલાક<br>૨૧/૦૦ થી ૦૬/૦૦ |
| એફ.આઇ.આર. તારીખ :– | ૨૬/૦૧/૨૦૧૭ |
| ચાર્જશીટ કર્યા તારીખ :– | ૦૧/૦૫/૨૦૨૫ |
| તહોમતનામુ ફરમાવ્યા તારીખ :– | ૦૭/૧૧/૨૦૨૫ |

| | |
|---|---|
| પુરાવો નોંધવાની શરૂઆત કર્યા તારીખ :- | ૧૩/૦૧/૨૦૨૬ |
| ચુકાદો અનામત રાખ્યા તારીખ :- | ૧૮/૦૪/૨૦૨૬ |
| ચુકાદા તારીખ :- | ૨૪/૦૪/૨૦૨૬ |
| સજાનો હુકમ ફરમાવ્યા તારીખ, જો હોય તો :- | - |

## -:: આરોપીની વિગત::-

| આરોપી નં. | આરોપીનુ નામ | ધરપકડ કર્યા તારીખ | જામીન મુકત કર્યા તારીખ | ગુનાની વિગત | આરોપી નિર્દોષ કે સજા થયેલ તેની વિગત | ફરમાવેલ સજાની વિગત | ટ્રાયલ દરમ્યાન કાચા કામે ભોગવેલ સજાનો સમયગાળો ક્રિ.પ્રો. કોડની કલમ-૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | રમેશભાઈ મેલાભાઈ વસાવા | તા.૦૯/૦૩/૨૦૨૫ કલાક ૧૬/૦૦ વાગે | યુ.ટી.પી. | ઈ.પી.કો. ની કલમ-૩૦૨, ૩૫૪(એ) ૧,૨, ૨૦૧ તથા જી.પી. એકટની કલમ-૧૩૫ | નિર્દોષ | - | તા. ૦૯/૦૩/૨૦૨૫ થી યુ.ટી.પી. |

## -:: ફોર્મ-સી ::-

**ફરીયાદપક્ષ/બચાવપક્ષ/કોર્ટનાં મૌખિક પુરાવાનુ લીસ્ટ :-**

**એ-ફરીયાદપક્ષનો મૌખિક પુરાવો:-**

| ક્રમ | સાહેદનું નામ | આંક | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | યોગેશભાઈ બુધાભાઇ (PW-1) | ૮ | ઈન્કવેસ્ટ પંચનામાના પંચ સાહેદ |
| ૨ | શિવરામભાઈ પુંજાભાઈ વસાવા (PW-2) | ૧૦ | આરોપીના અટક પંચનામાનાં પંચ સાહેદ |

| | | | |
|---|---|---|---|
| ૩ | મગનભાઈ છનાભાઈ સોલંકી (PW-3) | ૧૭ | મરનારે બનાવ સમયે પહેરેલ કપડા કબજે કર્યાના પંચનામાનાં પંચ સાહેદ |
| ૪ | ડો. ઓમકારનાથ શીરકીશ દેસાઈ (PW-4) | ૧૯ | મરણજનારનું પી.એમ. કરનાર ડોકટર સાહેદ |
| ૫ | સોમાભાઈ છોટુભાઈ (PW-5) | ૨૧ | સાહેદ |
| ૬ | જગદીશભાઈ ઈશ્વરભાઈ પરમાર (PW-6) | ૨૨ | ફરીયાદ લેનાર તથા ત.ક.અધિકારી |
| ૭ | પ્રવિણભાઈ પ્રહલાદભાઈ ઠાકોર (PW-7) | ૨૬ | ગુનાવાળી જગ્યાનાં પંચનામાના પંચ સાહેદ |
| ૮ | જગદીશભાઈ વસંતભાઈ વસાવા (PW-8) | ૨૭ | હથિયાર અને આરોપીના કપડા કબજે કર્યાનું પંચનામું તથા રી–કન્સ્ટ્રકશન પંચનામાના પંચ સાહેદ |
| ૯ | કમળાબેન રમેશભાઈ વસાવા (PW-9) | ૩૦ | મરણજનારના ભાભી સાહેદ |
| ૧૦ | શનુભાઈ રઘુનાથ વસાવા (PW-10) | ૩૨ | સાહેદ |
| ૧૧ | રઈજીભાઈ છોટુભાઈ વસાવા (PW-11) | ૩૩ | સાહેદ |
| ૧૨ | રાજેન્દ્રભાઈ બોધાભાઈ કરમટીયા (PW-12) | ૩૪ | ત.ક.અધિકારી |

આ સિવાય ફરીયાદપક્ષે અન્ય કોઈ મૌખિક પુરાવો રજુ થયેલ નથી.

**બી – બચાવપક્ષનો મૌખિક પુરાવો :–**

| ક્રમ | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| – | –– | –– |

**સી – કોર્ટનાં મૌખિક પુરાવા :–**

| ક્રમ | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| – | –– | –– |

**ફરીયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટના દસ્તાવેજી પુરાવાનુ લીસ્ટ :–**

## એ – ફરીયાદપક્ષના દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ :–

| ક્રમ | આંક | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| ૧ | ૯ | ઈન્કવેસ્ટ પંચનામું અસલ |
| ૨ | ૧૧ | અટક પંચનામું અસલ |
| ૩ | ૧૮ | મરણજનારને બનાવ સમયે પહેરેલ કપડા કબજે કર્યાનું પંચનામું અસલ |
| ૪ | ૨૦ | મરણજનાર અજીતભાઈની પી.એમ. નોટ અસલ |
| ૫ | ૨૩ | અસલ ફરીયાદ |
| ૬ | ૨૪ | ગુનાવાળી જગ્યાનું પંચનામું અસલ |
| ૭ | ૨૮ | હથીયાર તથા આરોપીના કપડા કબજે કર્યાનું પંચનામું અસલ |
| ૮ | ૨૯ | રી–કન્ટ્રકશન પંચનામું અસલ |
| ૯ | ૩૫ | મરનારની લાશ સોંપ્યા અંગેની રસીદ |
| ૧૦ | ૩૬ | તલાટી દ્વારા મરણના દાખલાઓ સાથે પાઠવવામાં આવેલ પત્ર |
| ૧૧ | ૩૭ થી ૪૦ | તલાટીશ્રીએ રજુ કરેલ મરણના દાખલા |
| ૧૨ | ૪૧ | ગુન્હાવાળી જગ્યાનો મુલાકાતનો પ્રાથમિક અહેવાલ અસલ |
| ૧૩ | ૪૨ | ગુનાવાળી જગ્યાનો નકશો તૈયાર કરવા માટે આપેલ યાદી અસલ |
| ૧૪ | ૪૩ | પંચકયાસ અસલ |
| ૧૫ | ૪૪ | તાલુકા પંચાયત કાર્યાલય, આમોદનાઓએ મોકલેલ નકશા બાબતની યાદી અસલ |
| ૧૬ | ૪૫ | ગુનાવાળી જગ્યાનો નકશો અસલ |
| ૧૭ | ૪૬ | સીમકાર્ડના એસ.ડી.આર. સી.ડી.આર. લોકેશનની માહિતી મેળવવા માટેની યાદી અસલ |
| ૧૮ | ૪૭ | મુદ્દામાલ એફ.એસ.એલ.માં મળ્યા બાબતની પહોંચ અસલ |
| ૧૯ | ૪૮ | રવાનગી પત્રક |
| ૨૦ | ૪૯ | મોજે પુરશા, તા. આમોદના બ્લોક નં.૫૯૯/અ, ૫૯૯/બ, ૬૦૧, ૬૦૨ અને ૬૦૩ ના ગામ નમુનાં નં. ૭ ના ઉતારાની નકલો |
| ૨૧ | ૫૦ | ડોગ કોલ ફોર્મ અસલ |

| | | |
|---|---|---|
| ૨૨ | ૫૧ | સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા બાબતની પોલીસ યાદી અસલ |
| ૨૩ | ૫૨ | મરણના દાખલાઓ લખવા માટે તલાટીશ્રી કાંકરીયા ગ્રામ પંચાયતને લખેલ પત્ર અસલ |
| ૨૪ | ૫૩ | ગુનાના કામે વપરાયેલ હથીયાર અને કપડા કબજે કર્યા અંગેનું પંચનામા વખતે પંચોનું કરવામાં આવેલ વીડીયો રેકોર્ડીગ ઇસાક્ષ્ય એપ્લીકેશનમાં અપલોડ કર્યા અંગેનું કાયદાની કલમ–૬૩(૪) (સી) મુજબનું સર્ટીફીકેટ અને તેને લગતા દસ્તાવેજ |
| ૨૫ | ૫૪ | ગુનાના કામે રી–કન્ટ્રકશનના પંચનામા વખતે પંચોનું કરવામાં આવેલ વીડીયો રેકોર્ડીગ ઇસાક્ષ્ય એપ્લીકેશનમાં અપલોડ કર્યા અંગેનું કાયદાની કલમ–૬૩(૪) (સી) મુજબનું સર્ટીફીકેટ અને તેને લગતા દસ્તાવેજ |
| ૨૬ | ૫૫ | તપાસનાં કામે ઇન્કવેસ્ટ ભરવા માટે લખવામાં આવેલ પોલીસ યાદી |

આ સિવાય ફરીયાદપક્ષ તરફે અન્ય કોઇ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી. ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા **આંક–૫૭** થી તા. ૩૦/૦૩/૨૦૨૬ નાં રોજ વધુ કોઇ પુરાવો રજુ કરવા માંગતા નથી તેવી કલોઝીંગ પુરસીસ રજુ કરવામાં આવેલ છે.

**બી – બચાવપક્ષના દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ :–**

| **ક્રમ** | **આંક** | **દસ્તાવેજનુ વર્ણન** |
|---|---|---|
| – | –– | ––– |

**સી – કોર્ટનાં દસ્તાવેજી પુરાવાનુ લીસ્ટ :–**

| **ક્રમ** | **આંક** | **દસ્તાવેજનુ વર્ણન** |
|---|---|---|
| – | –– | ––– |

**ડી – મુદ્દામાલની વિગત :–**

| **ક્રમ** | **મટેરીયલ ઓબ્જેકટસ** | **વર્ણન** |
|---|---|---|
| ૧ | મરણજનાર અજીતભાઇ વસાવાએ બનાવ સમયે પહેરેલ એક આછા કાળા લાલ કેસરી રંગનો લાઇનીંગવાળો શર્ટ | મુ. પા. નં. ૦૪/૨૦૧૭, તા. ૨૬/૦૧/૨૦૧૭ |

| | | |
|---|---|---|
| ૨ | મરણજનાર અજીતભાઇ વસાવાએ બનાવ સમયે પહેરેલ આછા કથ્થઇ કાળા રંગનો ઉભી લાઈનીંગવાળુ પેન્ટ | મુ. પા. નં. ૦૪/૨૦૧૭, તા. ૨૬/૦૧/૨૦૧૭ |
| ૩ | એક કુલ ડિઝાઇનવાળી ગોદળી જેનાં ઉપર લોહીનાં ડાઘા છે તે | મુ. પા. નં. ૦૫/૨૦૧૭, તા. ૨૬/૦૧/૨૦૧૭ |
| ૪ | ખાટલાની પાટીનાં ટુકડા, જે લાલ સફેદ રંગનાં લાઈનીંગવાળા પાટીં લોહીવાળા ટુકડા નંગ–૧૩ | મુ. પા. નં. ૦૫/૨૦૧૭, તા. ૨૬/૦૧/૨૦૧૭ |
| ૫ | ખાટલાની પાટીનો ટુકડો–૧ જે કંટ્રોલ સેમ્પલ તરીકે છે તે | મુ. પા. નં. ૦૫/૨૦૧૭, તા. ૨૬/૦૧/૨૦૧૭ |
| ૬ | એક પ્લાસ્ટીકની ડબ્બીમાં ૧૦૦ મી.લી. જેટલી લોહીવાળી માટી છે તે | મુ. પા. નં. ૦૫/૨૦૧૭, તા. ૨૬/૦૧/૨૦૧૭ |
| ૭ | એક પ્લાસ્ટીકની ડબ્બીમાં ૧૦૦ મી.લી. કંટ્રોલ માટી છે તે | મુ. પા. નં. ૦૫/૨૦૧૭, તા. ૨૬/૦૧/૨૦૧૭ |
| ૮ | એક આછા ભુરા કથ્થઇ કલર જેવુ પેન્ટ | મુ. પા. નં. ૨૩/૨૦૧૭, તા. ૧૦/૦૩/૨૦૧૭ |
| ૯ | એક શર્ટ જે આછા દુધીયા– આસમાની જેવા કલરનો આખી બાંયનો શર્ટ | મુ. પા. નં. ૨૩/૨૦૧૭, તા. ૧૦/૦૩/૨૦૧૭ |
| ૧૦ | આરોપીએ રજુ કરેલ એક સવા બે ફુટ જેટલુ લંબાઇનું લાકડુ | મુ. પા. નં. ૨૩/૨૦૧૭, તા. ૧૦/૦૩/૨૦૧૭ |

## –:: ચુકાદો ::–

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા. ૨૫/૦૧/૨૦૧૭ ના રોજ રાત્રીના આઠેક વાગ્યાના સુમારે મરણજનાર અજીત છોટુભાઈ વસાવા તથા તેમના ભાઈઓ સાથે જમી પરવારી બેઠા હતા દરમ્યાન ફરીયાદીના ભાભી સાહેદ કમળાબેન બહાર ખાટલા પર સુતેલા હતા તે વખતે આરોપીએ કમળાબેનની છેડતી કરી બદનામ કરવાના ઈરાદે ખરાબ–ખરાબ ઈશારાઓ કરતા હોય જે મરણજનાર જોઈ જતાં મરણજનારે આરોપીને ઠપકો આપેલ કે, ''તું અમારા ઘરે ખાઈને અમારા જ ભાભીની છેડતી કરે છે'' તેમ કહેતા મરણજનાર અજીતભાઇ તથા આરોપી રમેશ મેલાભાઈ વસાવાનાઓ વચ્ચે બોલાચાલી થયેલી હતી જે વાતી રીષ રાખી તા.

૨૫/૦૧/૨૦૧૭ ના કલાક ૨૧:૦૦ થી તા.૨૬/૦૧/૨૦૧૭ ના કલાક ૬:૦૦ વાગ્યા દરમ્યાન આ કામના મરણજનાર અજીત છોટુભાઈ વસાવાનાઓ તેમના ખેતરમાં ભુંડ નુકશાન કરતા હોય, જેથી રાત્રીના પાક સાચવવા ખેતરમાં સુવા માટે ગયેલ હોય તે વખતે આરોપીએ કોઈ તિક્ષ્ણ હથિયાર અને કોઈ લાકડુ (બોથડ પદાર્થ) વડે મરણજનારને મારી મોઢા ઉપર તથા જમણા પગના ઘુંટણના ઉપરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી મરણજનાર અજીતભાઈ છોટુભાઈ વસાવાનું મોત નિપજાવી પોતાનુ ઝુંપડુ સળગાવી નાસી જઈ તથા મહે. કલેકટર સાહેબ ભરૂચનાઓના જાહેરનામાનો ભંગ કરી આજદીન સુધી નાસતો ફરતો રહી પુરાવાનો નાશ કરી પકડાઈ જઈ આરોપીએ ઇ.પી.કો.કલમ-૩૦૨, ૩૫૪(એ)૧, ૨, ૨૦૧, જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનો ગુનો કરેલ હોય જે બનાવ અંગેની ફરીયાદ ફરીયાદીએ આમોદ પો.સ્ટે.માં દાખલ કરાવેલી અને ત.ક.અધિકારીએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઇ, ગુનાવાળી જગ્યાનું પંચનામું કરી તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા હોય ક્રિમીનલ કેસ નં.૯૨૬/૨૦૨૫ થી ચાર્જશીટ જયુડી. મેજી. ફ.ક. આમોદ કોર્ટમાં દાખલ થતા આરોપીને ચાર્જશીટની નકલ સી.આર.પી.સી.કલમ-૨૦૭ મુજબ આપી સદર ગુનાનું ટ્રાયલ ચલાવવાની સત્તા વિ.જયુડી. મેજી. ફ.ક. આમોદને ન હોવાથી સી.આર.પી.સી. કલમ-૨૦૯ મુજબ ઈન્સાફી કાર્યવાહી કરવા માટે સદર કેસ સેસન્સ કોર્ટમાં કમીટ કરવામાં આવેલ, જેનો સેસન્સ કેસ નં.૪૧/૨૦૨૫ પડેલો છે અને આરોપી વિરુધ્ધ આક્ષેપિત ગુનાનુ સમન્સ ઈસ્યુ કરવામાં આવેલ છે.

(૨) આરોપી હાલનાં ગુનામાં જયુડી. કસ્ટડીમાં હોય આરોપીને ભરૂચ જિલ્લા જેલમાંથી કોર્ટમાં હાજર રાખતા આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ-૨૦૭ અન્વયે ચાર્જશીટ તથા તે સાથેના તમામ તપાસના પેપર્સની વિનામુલ્યે નકલો આપ્યાાની ખાતરી કરવામાં આવેલ છે. વધુમાં આરોપી કસ્ટડીમાં હોય તેઓ ખાનગી વકીલશ્રી રોકી શકે તેમ ન હોય જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, ભરૂચ દ્વારા લીગલ એઇડ ડિફેન્સ કાઉન્સીલની નિમણૂંક કરવામાં આવતા તેઓ તરફે લીગલ એઇડ ડિફેન્સ કાઉન્સીલ હાજર થયેલ છે અને

ત્યારબાદ ચાર્જ અંગે વિ. વકીલશ્રી તથા તથા વિ.એ.પી.પી.શ્રીની દલીલો સાંભળી આરોપી વિરુધ્ધ **આંક–૦૬** થી આક્ષેપિત ગુનાનું તહોમતનામું ફરમાવી **આંક–૦૭** થી આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરી કેસ આગળ ચલાવવા માંગણી કરતા, આ કામ ફરીયાદપક્ષનો પુરાવો નોંધવા પર રાખવામાં આવેલુ.

(૩) ફરીયાદપક્ષે ઉપરોકત **ફોર્મ–સી** માં જણાવ્યા મુજબ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કર્યા બાદ ફરીયાદપક્ષે **આંક–૫૭** થી ફરીયાદપક્ષનો પુરાવો પુરો થઇ ગયેલ છે તેવી જાહેરાત અત્રેની કોર્ટ સમક્ષ કરેલ છે.

(૪) **આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ મુજબનાં નિવેદનની હકીકત :–** આ કામે આરોપી વિરૂધ્ધ નોંધવામાં આવેલા પુરાવાનાં અનુસંધાને આરોપીનુ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ મુજબનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવાનો ઈન્કાર કરેલ છે અને પોતે સોગંદ ઉપર જુબાની આપવાનો અને પોતાનાં બચાવમાં સાહેદને તપાસવાનો જવાબ નકારમાં આપેલ છે અને આરોપીએ વિશેષમાં જણાવેલ છે કે, ''અમો આરોપી નિર્દોષ છીએ, અમોએ આવો કોઇ ગુનો કરેલ નથી, અમોને નિર્દોષ છોડી મુકવા અરજ છે.''

(૫) **ફરીયાદપક્ષે દલીલ :–**

વિ.એ.પી.પી.શ્રી તરફે એવી દલીલ રહેલી છે કે, બનાવનાં દિવસે આરોપીએ ફરીયાદીનાં ભાભી કમળાબેન બહાર ખાટલા ઉપર સુતેલા હતા ત્યારે તેમની છેડતી કરી બદકામ કરનાર ઈરાદે ખરાબ ઈશારાઓ કરતા હોય મરણજનાર અજીતભાઇનાઓ જોઈ જતા આરોપીને ઠપકો આપતા બોલાચાલી થતા તેની રીષ રાખી બનાવનાં દિવસે રાત્રી દરમ્યાન મરણજનાર અજીતભાઇ વસાવા તેમનાં ખેતરમાં સુઇ ગયેલ તે સમયે આરોપીએ કોઇ તિક્ષ્ણ હથિયાર અને લાકડા વડે મરણજનારને મોઢા તથા જમણા પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી મરણ નિપજાવી પોતાની ઝુંપડુ સળગાવી

નાસી જઇ પુરાવાનો નાશ કરી જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યાનો આક્ષેપ છે. વિ.એ.પી.પી.શ્રી તરફે એવી દલીલ રહેલી છે કે, આ કામે ડોકટરશ્રીનો પુરાવો તથા મરણજનારનો પી.એમ. રીપોર્ટ રજુ થયેલ છે, તે જોતા મરણજનાર અજીતભાઇ વસાવાનું મૃત્યુ અકુદરતી મૃત્યુ છે તેવી હકીકત ફરીયાદપક્ષ દ્વારા પુરવાર કરવામાં આવેલ છે. વધુમાં એવી દલીલ છે કે, બનાવના આશરે આઠ વર્ષ પછી આરોપીની ધરપકડ થયેલ છે અને ત.ક.અધિકારીશ્રીએ રી–કન્સ્ટ્રકશન પંચનામું પંચો રૂબરૂ કરેલ છે તે પંચનામામા મુજબ આરોપીએ ગુનો કેવી રીતે આચરેલ તેનું વર્ણન કરેલ છે અને ત.ક.અધિકારીશ્રી તેમની જુબાનીમાં આ મુજબનો પુરાવો આપેલ છે, જેથી ત.ક.અધિકારશ્રીનો પુરાવો નહી માનવાને કોઇ કારણ નથી. વધુમાં એવી દલીલ છે કે, આરોપીએ પોતે ગુનામાં વાપરેલ લાકડુ રજુ કરેલ છે, જે પોલીસે પંચનામા અન્વયે કબજે કરેલ છે. ત.ક.અધિકારશ્રી તેમનાં પુરાવામાં આ હકીકત પણ જણાવે છે. આમ, ત.ક.અધિકારીશ્રીનાં પુરાવાથી આરોપીને ગુના સાથે સાંકળતો પુરાવો રેકર્ડ ઉપર આવે છે. વધુમાં એવી દલીલ છે કે, આ કામે ફરીયાદપક્ષ દ્વારા તપાસવામાં આવેલ સાહેદો પૈકી સાહેદ કમળાબેન મહત્વનાં સાહેદ છે અને તેઓ તેમની જુબાનીમાં આરોપીએ મરણજનારને ધારીયા વડે કાપી નાંખી મૃત્યુ નિપજાવેલ છે તેવું જણાવે છે. આમ, આ સાહેદના પુરાવાથી આરોપીએ મરણજનારનુ મૃત્યુ નિપજાવેલ હોય તેવું પુરવાર થાય છે. વધુમાં એવી દલીલ છે કે, આ કામે તપાસવામાં આવેલ અન્ય સાહેદો તથા પંચો ફરીયાદપક્ષને સમર્થન કરતા નથી, પરંતુ તેટલા માત્રથી જ આરોપીએ ગુનો આચરેલ નથી તેવું કહી શકાય નહી. તપાસવામાં આવેલ સાહેદો પૈકી જે સાહેદો જેટલે અંશે ફરીયાદપક્ષને સમર્થન કરતા હોય તેટલો પુરાવો માનવો જોઇએ અને ઉપરોકત ત.ક.અધિકારીશ્રી તથા સાહેદ કમળાબેનના પુરાવાના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી મહત્તમ સજા કરવા રજુઆત કરેલ છે.

**(૬) આરોપીપક્ષે દલીલ :–**

આરોપીનાં વિ.વ.શ્રી તરફે મુખ્યત્વે એવી દલીલ રહેલી છે કે, આ કામે તપાસવામાં આવેલ પંચો તેમની જુબાનીમાં પંચનામાની હકીકતોને

સમર્થન કરતા નથી. આમ, ફરીયાદપક્ષ પંચનામાની હકીકતો પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે, જેથી ફરીયાદપક્ષ આરોપીના કપડા તેમજ ગુનામાં વપરાયેલ લાકડુ આરોપી પાસેથી રીકવર કરવામાં આવેલ હોય તેવી હકીકત સાબીત કરવામાં નિષ્ફળ નિવડેલ છે. વધુમાં એવી દલીલ છે કે, ફરીયાદ હકીકત જોતા, આ કામે કોઈ નજરે જોનાર સાહેદ નથી. મરણજનાર તેમનાં ખેતરમાં બહાર ખાટલા ઉપર એકલા સુતા હતા અને તે દરમ્યાન તેમનું મરણ નિપજેલ છે. આમ, આ કામે કોઈ બનાવ નજરે જોનાર સાહેદ નથી, ત્યારે આરોપીને ગુના સાથે સાંકળી શકાય તેમ નથી. વધુમાં એવી દલીલ છે કે, આ કામે ફરીયાદપક્ષનાં કેસ મુજબ સાહેદ કમળાબેન મહત્વનાં સાહેદ છે, પરંતુ તેઓ તેમની જુબાનીમાં તેઓની છેડતી બાબતે તેમજ મરણજનારનાં મરણ અંગે ફરીયાદપક્ષનાં કેસથી વિપરીત હકીકતો તેમની જુબાનીમાં જણાવે છે અને તેઓને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે. આમ, તેઓનાં પુરાવા થકી પણ ફરીયાદપક્ષનાં કેસને સમર્થન મળતું નથી અને આ સિવાય તપાસવામાં આવેલ તમામ સાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલા છે. વધુમાં એવી દલીલ છે કે, ત.ક.અધિકારીશ્રીએ તેમની જુબાની દરમ્યાન આરોપીએ ગુનામાં વપરાયેલ લાકડુ રજુ કરેલ તેવી હકીકતો જણાવે છે, પરંતુ બનાવનાં આઠ વર્ષ બાદ આરોપી પાસે આવુ લાકડુ હોય તે શકય નથી અને પોલીસે માત્ર ગુનો ડિટેકટ કરવા માટે હાલનાં આરોપીને ગુનામાં સાંકળી તેઓની સામે ચાર્જશીટ કરેલ છે. વધુમાં એવી દલીલ છે કે, ત.ક.અધિકારીશ્રીએ આરોપીનાં કપડા તથા કબજે થયેલ લાકડુ તથા આરોપીનું બ્લડ એફ.એસ.એલ.માં મોકલાવેલ છે, પરંતુ તેને કમ્પેર કરવા સારૂ મરણજનારનું બ્લડ કે બનાવ સ્થળેથી કબજે કરવામાં આવેલ માટી કે મરણજનારના કપડા વિગેરે મુદ્દામાલ પોલીસે એફ.એસ.એલ.માં મોકલાવેલ હોય તેવો કોઈ પુરાવો રજુ થયેલ નથી કે ચાર્જશીટનાં પેપર્સમાં પણ આવો કોઈ પુરાવો સામેલ નથી, ત્યારે આરોપીનાં કપડા, લાકડુ તથા આરોપીનું બ્લડ સેમ્પલ એફ.એસ.એલ.માં મોકલવા માત્રથી જ એફ.એસ.એલ.નાં રીપોર્ટનાં આધારે પણ આરોપીને ગુના સાથે સાંકળી શકાય તેવો કોઈ જ પુરાવો રજુ થઈ શકે તેમ નથી. આમ, આરોપી સામેનો એફ.એસ.એલ.નો પુરાવો રેકર્ડ ઉપર લાવવામાં ફરીયાદપક્ષ

નિષ્ફળ નિવડેલ છે. આમ, ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ સમગ્ર પુરાવો જોતા, ફરીયાદપક્ષ આરોપી સામેનાં આક્ષેપીત ગુનાની હકીકતો નિ:શંકપણે સાબીત કરવામાં નિષ્ફળ નિવડેલ હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

(૭) સદર કામે ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા તેમજ પક્ષકારોની દલીલો ધ્યાને લેતા, આ કેસના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દા ::–**

**મુદ્દા નં. ૧ :–** શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, તા. ૨૫/૦૧/૨૦૧૭ ના રોજ રાત્રીના આઠેક વાગ્યાના સુમારે મરણજનાર અજીત છોટુભાઈ વસાવા તથા તેમના ભાઈઓ સાથે જમી પરવારી બેઠા હતા દરમ્યાન ફરીયાદીના ભાભી સાહેદ કમળાબેન બહાર ખાટલા પર સુતેલા હતા તે વખતે આરોપીએ કમળાબેનની છેડતી કરી બદનામ કરવાના ઈરાદે ખરાબ–ખરાબ ઈશારાઓ કરતા હોય જે મરણજનાર જોઇ જતાં મરણજનારે આરોપીને ઠપકો આપેલ કે, ''તું અમારા ઘરે ખાઈને અમારા જ ભાભીની છેડતી કરે છે'' તેમ કહેતા મરણજનાર અજીતભાઇ તથા આરોપી રમેશ મેલાભાઈ વસાવાનાઓ વચ્ચે બોલાચાલી થયેલી હતી જે વાતી રીષ રાખી તા. ૨૫/૦૧/૨૦૧૭ ના કલાક ૨૧:૦૦ થી તા.૨૬/૦૧/૨૦૧૭ ના કલાક ૬:૦૦ વાગ્યા દરમ્યાન આ કામના મરણજનાર અજીત છોટુભાઈ વસાવાનાઓ તેમના ખેતરમાં ભુંડ નુકશાન કરતા હોય, જેથી રાત્રીના પાક સાચવવા ખેતરમાં સુવા માટે ગયેલ હોય તે વખતે આરોપીએ કોઈ તિક્ષ્ણ હથિયાર અને કોઈ લાકડુ (બોથડ પદાર્થ) વડે મરણજનારને મારી મોઢા ઉપર તથા જમણા પગના ઘુંટણના ઉપરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી મરણજનાર અજીતભાઈ છોટુભાઈ વસાવાનું મોત નિપજાવી

પોતાનુ ઝુંપડુ સળગાવી નાસી જઈ તથા મહે. કલેકટર સાહેબ ભરૂચનાઓના જાહેરનામાનો ભંગ કરી આજદીન સુધી નાસતો ફરતો રહી પુરાવાનો નાશ કરી પકડાઈ જઈ આરોપીએ ઇ.પી.કો.કલમ–૩૦૨, ૩૫૪(એ)૧, ૨, ૨૦૧, જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

**મુદ્દા નં. ૨ :–** શું હુકમ ?

**–:: નિર્ણય ::–**

(૮) ઉપરોકત મુદ્દાઓનાં મારા નિર્ણયો નીચે મુજબ છે.

**મુદ્દા નં. ૧** :– નકારમાં.

**મુદ્દા નં. ૨** :– આખરી હુકમ મુજબ.

**–:: કારણો ::–**

**મુદ્દા નં. ૧ :–**

(૯) મુદ્દા નં. ૧ પરત્વે ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓની ચર્ચા કરતા પહેલા આરોપી સામે ઇ.પી.કો. કલમ–૩૦૨ ના ગુનાનો આક્ષેપ હોય સૌપ્રથમ ઇ.પી.કો. કલમ–૨૯૯ કે જેમાં સાપરાધ મનુષ્ય વધ તથા કલમ–૩૦૦ માં ખૂનની વ્યાખ્યા આપવામાં આવેલ છે તથા ઇ.પી.કો. કલમ–૩૦૨ માં ખૂનની સજાની જોગવાઇ આપવામાં આવેલ છે, જેથી સદર કલમો ઉદાહરણ સહીત લક્ષમાં લેવી જરૂરી છે, જે નીચે મુજબ છે.

➢ **299. Culpable homicide.**

Whoever causes death by doing an act with the intention of causing death, or with the intention of causing such bodily injury as is likely to cause death, or with the knowledge that he is likely by such act to cause death, commits the offence of culpable homicide.

**Illustrations**

**(a)** A lays sticks and turf over a pit, with the intention of thereby causing death, or with the knowledge that death is likely to be thereby caused. Z believing the ground to be firm, treads on it, falls in and is killed. A has committed the offence of culpable homicide.

**(b)** A knows Z to be behind a bush. B does not know it A, intending to cause, or knowing it to be likely to cause Z's death, induces B to fire at the bush. B fires and kills Z. Here B may be guilty of no offence; but A has committed the offence of culpable homicide.

**(c)** A, by shooting at a fowl with intent to kill and steal it, kills B who is behind a bush; A not knowing that he was there. Here, although A was doing an unlawful act, he was not guilty of culpable homicide, as he did not intend to kill B, or to cause death by doing an act that he knew was likely to cause death.

**Explanation 1.**— A person who causes bodily injury to another who is labouring under a disorder, disease or bodily infirmity, and thereby accelerates the death of that other, shall be deemed to have caused his death.

**Explanation 2**.— Where death is caused by bodily injury, the person who causes such bodily injury shall be deemed to have caused the death, although by resorting to proper remedies and skilful treatment the death might have been prevented.

**Explanation 3.**— The causing of the death of child in the mother's womb is not homicide. But it may amount to culpable homicide to cause the death of a living child, if any part of that child has been brought forth, though the child may not have breathed or been completely born.

**300. Murder.**

Except in the cases hereinafter excepted, culpable homicide is murder, if the act by which the death is caused is done with the intention of causing death, or—

(Secondly)— If it is done with the intention of causing such bodily injury as the offender knows to be likely to cause the death of the person to whom the harm is caused, or—

(Thirdly)— If it is done with the intention of causing bodily injury to any person and the bodily injury intended to be inflicted is sufficient in the ordinary course of nature to cause death, or—

(Fourthly)— If the person committing the act knows that it is so imminently dangerous that it must, in all probability, cause death or such bodily injury as is likely to cause death, and commits such act without any excuse for incurring the risk of causing death or such injury as aforesaid.

**Illustrations**

(a) A shoots Z with the intention of killing him. Z dies in consequence. A commits murder.

(b) A, knowing that Z is labouring under such a disease that a blow is likely to cause his death, strikes him with the intention of causing bodily injury. Z dies in consequence of the blow. A is guilty of murder, although the blow might not have been sufficient in the ordinary course of nature to cause the death of a person in a sound state of health. But if A, not knowing that Z is labouring under any disease, gives him such a blow as would not in the ordinary course of nature kill a person in a sound state of health, here A, although he may intend to cause bodily injury, is not guilty of murder, if he did not intend to cause death, or such

bodily injury as in the ordinary course of nature would cause death.

(c) A intentionally gives Z a sword-cut or club-wound sufficient to cause the death of a man in the ordinary course of nature. Z dies in consequence. Here, A is guilty of murder, although he may not have intended to cause Z's death.

(d) A without any excuse fires a loaded cannon into a crowd of persons and kills one of them. A is guilty of murder, although he may not have had a premeditated design to kill any particular individual.

**Exception 1.**— When culpable homicide is not murder.— Culpable homicide is not murder if the offender, whilst deprived of the power of self-control by grave and sudden provocation, causes the death of the person who gave the provocation or causes the death of any other person by mistake or accident. The above exception is subject to the following provisos:—

(First)— That the provocation is not sought or voluntarily provoked by the offender as an excuse for killing or doing harm to any person.

(Secondly)— That the provocation is not given by anything done in obedience to the law, or by a public servant in the lawful exercise of the powers of such public servant.

(Thirdly)— That the provocation is not given by anything done in the lawful exercise of the right of private defence.Explanation.— Whether the provocation was grave and sudden enough to prevent the offence from amounting to murder is a question of fact.

**Illustrations**

(a) A, under the influence of passion excited by a provocation given by Z, intentionally kills. Y, Z’s child. This is murder, in as much as the provocation was not given by the child, and the death of the child was not caused by accident or misfortune in doing an act caused by the provocation.

(b) Y gives grave and sudden provocation to A. A, on this provocation, fires a pistol at Y, neither intending nor knowing himself to be likely to kill Z, who is near him, but out of sight. A kills Z. Here A has not committed murder, but merely culpable homicide.

(c) A is lawfully arrested by Z, a bailiff. A is excited to sudden and violent passion by the arrest, and kills Z. This is murder, in as much as the provocation was given by a thing done by a public servant in the exercise of his powers.

(d) A appears as witness before Z, a Magistrate, Z says that he does not believe a word of A’s deposition, and that A has perjured himself. A is moved to sudden passion by these words, and kills Z. This is murder.

(e) A attempts to pull Z’s nose, Z, in the exercise of the right of private defence, lays hold of A to prevent him from doing so. A is moved to sudden and violent passion in consequence, and kills Z. This is murder, in as much as the provocation was given by a thing done in the exercise of the right of private defence.

(f) Z strikes B. B is by this provocation excited to violent rage. A, a bystander, intending to take advantage of B’s rage, and to cause him to kill Z, puts a knife into B’s hand for that purpose. B kills Z with the knife. Here B may have committed only culpable homi-cide, but A is guilty of murder.

**Exception 2.**— Culpable homicide is not murder if the offender, in the exercise in good faith of the right of private defence of person or property, exceeds the power given to him by law and causes the death of the person against whom he is exercising such right of defence without premeditation, and without any intention of doing more harm than is necessary for the purpose of such defence.

**Illustration**

Z attempts to horsewhip A, not in such a manner as to cause grievous hurt to A. A draws out a pistol. Z persists in the assault. A believing in good faith that he can by no other means prevent himself from being horsewhipped, shoots Z dead. A has not committed murder, but only culpable homicide.

**Exception 3.**— Culpable homicide is not murder if the offender, being a public servant or aiding a public servant acting for the advancement of public justice, exceeds the powers given to him by law, and causes death by doing an act which he, in good faith, believes to be lawful and necessary for the due discharge of his duty as such public servant and without ill-will towards the person whose death is caused.

**Exception 4.**— Culpable homicide is not murder if it is committed without premeditation in a sudden fight in the heat of passion upon a sudden quarrel and without the offender having taken undue advantage or acted in a cruel or unusual manner.

Explanation.— It is immaterial in such cases which party offers the provocation or commits the first assault.

**Exception 5.**— Culpable homicide is not murder when the person whose death is caused, being above the age of eighteen years, suffers death or takes the risk of death with his own consent.

**Illustration**

A, by instigation, voluntarily causes, Z, a person under eighteen years of age to commit suicide. Here, on account of Z's youth, he was incapable of giving consent to his own death; A has therefore abetted murder.

**302. Punishment for murder.**

Whoever commits murder shall be punished with death, or imprisonment for life, and shall also be liable to fine.

**(૯.૧)** આમ, ઉપરોકત કલમો ધ્યાને લઈ આરોપીને ઈ.પી.કો. કલમ–૩૦૨ ના ગુના માટે તકસીરવાન ઠરાવવા ફરીયાદપક્ષ દ્વારા સૌપ્રથમ નીચે મુજબની હકીકતો પુરવાર કરવાની રહે છે.

(૧) મનુષ્ય વધ થયેલો હતો.

(૨) આવો મનુષ્ય વધ સાપરાધ મનુષ્ય વધ હતો.

(૩) આવો સાપરાધ મનુષ્ય વધ કલમ–૩૦૦ નાં ૪ પૈકી કોઈપણ એકાદ ભાગમાં પડતો હતો એટલે કે, આરોપીનો ઈરાદો મૃત્યુ નિપજાવવાનો હતો અથવા મૃત્યુ નિપજવાની સંભાવના હોય તેવી શારીરિક ઈજા પહોંચાડવાનો હતો અથવા કુદરતનાં સામાન્ય ક્રમમાં મૃત્યુ નિપજાવવા પ્રર્યાપ્ત હોય તેવી ઈજા કરવાનો હતો અથવા તત્કાલ મૃત્ય નિપજવાની ભયાનકતાનું જ્ઞાન તથા જાણકારી સાથેનો હતો તેવો સાપરાધ મનુષ્ય વધ હોવો જોઈએ.

(૪) આ સાપરાધ મનુષ્ય વધ કલમ–૩૦૦ નાં પાંચ પૈકી કોઈપણ અપવાદમાં પડતો ન હોવો જોઈએ એટલે કે, સાપરાધ મનુષ્ય વધ ગંભીર તથા ઓચીંતા ઉશ્કેરાટમાં કરેલો ન હોવો જોઈએ અથવા શરીર અથવા મિલકતનાં બચાવમાં શુભ નિષ્ઠાપૂર્વકનો ન હોય અથવા અતિરેક ન હોવો જોઈએ અથવા જાહેર નોકરે કે જાહેર નોકરને મદદ કરનારે સત્તાની મર્યાદામાં આવશ્યક હોય તેવું કાર્ય શુભ નિષ્ઠાપૂર્વક ન કર્યુ હોય તેમજ મરનાર પ્રત્યે

દુર્ભાવ રાખીને કરેલું હોવું જોઇએ અથવા ૧૮ વર્ષથી વધુ વયની વ્યકિતએ સંમતિથી મૃત્યુ વહોરવાનું જોખમ લીધું હોવું ન જોઇએ.

➢ **મરણજનારનું મૃત્યુ અકુદરતી મૃત્યુ હતું કે કેમ ? તે અંગેની ચર્ચા :–**

**(૧૦) સાહેદ PW-04 ડો. ઓમકારનાથ શીરકીશ દેસાઇ (મરણજનારનું પી.એમ. કરનાર ડોકટરશ્રી) :–**

ફરીયાદપક્ષ તરફે **આંક–૧૯** થી ડો. ઓમકારનાથ શીરકીશ દેસાઇને તપાસવામાં આવેલા છે, સદર ડો. સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે, તેઓ સને ૨૦૧૭ માં મેડીકલ ઓફીસર તરીકે આચ્છોદ પી.એચ.સી. પ્રાથમીક આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા હતા અને ફરજ દરમ્યાન પોલીસ મારફતે એક ટેલીફોનીક વર્ધી આવેલ હતી, એક ડેડ બોડી આવેલ છે અને જે ડેડ બોડીનું સી.એચ.સી. આમોદ ખાતે પેનલ ડોકટર મારફતે પી.એમ. કરવાનું છે, જેથી તેઓ સી.એચ.સી. આમોદ ખાતે ૦૩:૩૦ કલાકે આવેલા, જયાં તેઓએ ઈન્કવેસ્ટ પંચનામું મેળવી તેઓએ આવેલ ડેડબોડીનું કલાક ૦૪:૧૦ વાગ્યે પી.એમ. શરૂ કરેલુ અને જેનુ કલાક ૦૬:૦૦ વાગ્યે પી.એમ. પૂર્ણ કરેલુ, જે ડેડબોડીનું પી.એમ. કરતા આ મુજબની ઈજાઓ તથા અન્ય વિગતો દર્શાવેલ. નં. (૧) જે ડેડબોડી એક હિન્દુ પુરુષની હતી, જેની ઉંમર ૩૫ વર્ષ હતી, જેમણે શરીરે કાળા અને ધુસર કલરનું લાઈનીંગ શર્ટ તથા આછા કથ્થઈ કલરનું પેન્ટ પહેરેલ હતુ અને જેનુ નામ અજીતભાઈ છોટુભાઈ વસાવા હતુ અને જેના જમણા હાથ ઉપર એક ટેટુ ચીતરાવેલ હતુ અને જેના ઉપર અજીત વસાવા ગુજરાતીમાં લખેલ હતુ, નં.(૨) જેના શરીરના છાતીના ભાગે જામેલ લોહી હતુ જેના હાથ ઉપર અજીત વસાવા લખાવેલ હતુ જેથી તેમની ઓળખ થયેલી, નં.(૩) જેની બોડી ઠંડી સાધારણ હતી, આખા શરીરમાં રાઈગર મોટીસ ડેવલોપ થયેલા હતા, પોસ્ટમોર્ટમ કરતા બોડીના પાછળના ભાગે લોહીના ચકામા પડી ગયેલા હતા, જેની બંને આંખો બંધ હતી, જેની આંખની કીકીઓ પહોળી થઇ ગયેલ અને સ્થિર થઇ ગયેલ હતી, જીભ મોં ની અંદર હતી, ડાબા કાનની અંદર લોહી જામેલ હતુ, નાકની અંદર લોહી જમા હતુ, દાંત બરાબર હતા, મોઢું બંધ હતુ, બહારની જેન્દ્રીય ઉપર

કોઈ ઈજા જણાઈ આવેલ ન હતી, નં. (૪) ડેડબોડી ઉપર નીચે મુજબની ઈજાઓ માલુમ પડેલી જેમાં ઈજા નં. ૧ આંખની ડાબી બાજુએ એક સેન્ટીમીટર નીચે ૩×૨ સે.મી. જેમ તેમ કપાયેલ ઘા હતા જેના ઉપર લોહી જામેલ હતુ, ઈજા નં. ૨ દાઢી ઉપર કન્ટીજયુન લેસલેટેડ વુન્ડ(સી.એલ.ડબ્લ્યુ) જેની સાઈઝ ૨×૨.૫ સે.મી. મસલ્સ સુધી ઉંડો ઘા હતો અને ઈજા નં. ૩ જમણા કપાળ ઉપર ૩×૩ સે.મી.નો ચામડીની અંદર લોહી જામી ગયેલ હતુ, ઈજા નં.૪ ડાબા ગાલ ઉપર ૪×૪ સેમીનો ચામડીની અંદર લોહી જામી ગયેલ હતુ, ઈજા નં.૫ ડાબા પગમાં ફ્રેકચર હતુ, ઈજા નં.૬ ડાબા પગે ઘુંટણથી નીચે કન્ટીજયુન લેસલેટેડ વુન્ડ (સી.એલ.ડબ્લ્યુ) જેની સાઈઝ ૩×૨ સે.મી. ઉંડો ઘા હતો, ઈજા નં.૭ ડાબા પગે ઘુંટણથી ઉપર કન્ટીજયુન લેસલેટેડ વુન્ડ (સી.એલ.ડબ્લ્યુ) જેની સાઈઝ ૩×૨ સે.મી. ઉંડો ઘા હતો, ઈજા નં.૮ ડાબા પગની પીન્ડીના પાછળના ભાગે લોહી જામી ગયેલ હતુ, જેની સાઇઝ ૨×૨ સે.મી. હતી, ઈજા નં.૯ ડાબા પગની અંદરના ભાગે લોહી જામી ગયેલ હતુ જેની સાઈઝ ૫×૩ સે.મી. હતી, ઈજા નં.૧૦ ડાબી બાજુ જડબાના ભાગે ફ્રેકચર હતુ. (૫) બોડીની આંતરિક તપાસ કરતા આ મુજબની ઈજાઓ જણાયેલી, જેમાં ઈજા નં.૧ માથાના ઉપર ભાગે ત્વચાની નીચે કોઈ ઈજા જણાઇ આવેલ નહી, ઈજા નં.૨. મગજની અંદર લોહી નિકળેલ હતુ અને જે જામી ગયેલ હતુ, ઈજા નં.૩. છાતીની પાંસળીયોમાં કોઈ ઈજા જોવા મળેલ નહી, ઈજા નં.૪ ફેફસાના પડદા ઉપર કોઇ ઈજા જોવા મળેલ નહી, ઈજા નં.૫ કંઠ ઇન્દ્રીયો તથા સ્વાસ નળી ઉપર કોઇ ઈજાઓ જોવા મળેલ ન હતી, ઈજા નં.૬ ડાબી બાજુના ફેફસા ઉપર કોઈ ઈજા જોવા મળેલ હતી, ઈજા નં.૭. હદયનું આવરણ નોર્મલ હતુ જેનુ વજન આશરે ૨૫૦ ગ્રામ જેટલુ હતુ, ઈજા નં. ૮ હદયની રકતવાહીનીઓમાં કોઇ ઈજા જોવા મળેલ ન હતી, ઈજા નં. ૯ પેટની દિવાલોમાં કોઇ ઈજા જોવા મળેલ ન હતી, પેટની અંદરની ત્વચાનું આવરણ નોર્મલ હતુ, ઈજા નં.૧૦ પેટની અંદરના ભાગે જેમ કે લીવર, કીડની, સ્પ્રીમ, નાના મોટા આંતરડા નોર્મલ હતા, ઈજા નં.૧૧ મો અંદરથી બંધ હતુ, દાંત નોર્મલ હતા, જીભ મોની અંદર હતી, અન્નનળીમાં કોઇ ઈજા ન હતી, ઈજા નં.૧૨ હોજરીમાં અધ પચેલો ખોરાક હતો, જેમાં કોઇ

ગંધ આવતી ન હતી, જે હોજરીનું આવરણ નોર્મલ હતુ, ઈજા નં.૧૩. નાનુ આંતરડું નોર્મલ હતુ અને જેમાં ગેસ ભરેલો હતો, ઈજા નં. ૧૪ મોટા આંતરડામાં મળ ભરેલો હતો, ઈજા નં.૧૫ લીવર, કીડની અને પીતાશય નોર્મલ હતુ, જેની બરોળ કોઇ ઈજા જણાઈ આવેલ ન હતી, મુત્રપીંડ નોર્મલ હતા, પેશાબની થેલી ખાલી હતી, જેન્દ્રીય નોર્મલ હતી, કરોડ અને કરોડરજ્જુમાં કોઇ ઈજા ન હતી. વધુમાં ડો. સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે, તેઓના અભિપ્રાય મુજબ મરનારનું મૃત્યુ મરનારનાં મગજમાં ઈજાઓ તથા ફ્રેકચર થયેલ હોવાથી લોહીની નસો ફાટી જવાથી જે લોહી મગજમાં જામી ગયેલ હતુ, જેના કારણે મરનારનું મૃત્યુ થયેલ હતુ. વધુમાં ડો. સાહેદ તેમની જુબાની દરમ્યાન પી.એમ. નોટમાં તેઓ તથા તેઓની સાથેના બીજા પેનલ ડોકટર સંજયકુમારની સહી ઓળખી બતાવી અસલ **પી.એમ. નોટ આંક–૨૦** થી રજુ કરે છે.

**(૧૦.૧) આંક–૯૭ નાં ડોકટર સાહેદની ઉલટતપાસ :–** સદર ડો. સાહેદની ઉલટતપાસ આરોપી તરફે વિ. વકીલશ્રીએ કરેલ છે, જેમાં તેઓ કબુલ રાખે છે કે, તેઓની પાસે લાશ પી.એમ. માટે આવી ત્યારે પોલીસ યાદી, ઈન્કવેસ્ટ પંચનામું સામેલ હતું. ડો. સાહેદ ઈન્કાર કરે છે કે, ડેડ બોડી ઉપર તમામ ઈજાઓ માત્ર બહારનાં ભાગે હતી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, મગજનાં અંદરનાં ભાગે ઈજાઓ હતી. સાહેદ કબુલ રાખે છે કે, કોલમ નં. ૧૭ મુજબની ઈજા નં. ૧ બોથડ હથિયાર વડે થઇ શકે છે, ધારદાર હથિયાર વડે થઇ શકે નહી. સાહેદ ઈન્કાર કરે છે કે, આ ઈજા જમીન ઉપર માથુ અથડાવવાથી પણ થઇ શકે છે. સાહેદ ઈન્કાર કરે છે કે, ઈજા નં. ૨ જમીન ઉપર માથુ અથડાવવાથી થઇ શકે છે, ઈજા નં. ૪ ડેડબોડીનું પી.એમ. કરવા લઇ જતી વખતે થઇ શકે તેવી છે. સાહેદ ઈન્કાર કરે છે કે, ઈજા નં. ૫ ફ્રેકચર છે તે ઈજા એક્ષ–રે કરાવવામાં આવે તો જ ખબર પડે. સાહેદ ઈન્કાર કરે છે કે, ઈજા નં. ૧૦ કોઈ જાનવરનો પંજો મારે તો થઇ શકે. સાહેદ ઈન્કાર કરે છે કે, આ ઈજાઓ મૃત્યુ પહેલાની છે પછીની હતી તે તેઓ કહી શકે નહી. સાહેદ ઈન્કાર કરે છે કે, કોલમ નં. ૧૭ માં જણાવ્યા મુજબની તમામ ઈજાઓ

ચોકકસ કયાં હથિયારથી થયેલ તે તેઓ કહી શકે નહી. સાહેદ ઈન્કાર કરે છે કે, કોલમ નં. ૧૭ માં દર્શાવેલ ઈજાઓ પૈકી એકપણ ઈજા એવી નથી કે જેનાથી મૃત્યુ નિપજી શકે. સાહેદ ઈન્કાર કરે છે કે, તેઓએ પી.એમ. નોટમાં મૃત્યુનું કારણ દર્શાવેલ છે તે ફાઇનલ ઓપીનીયન નથી. સાહેદ ઈન્કાર કરે છે કે, તેઓએ ઈન્કવેસ્ટ પંચનામા મુજબ પી.એમ. નોટ ભરી દીધેલ છે.

**(૧૧) સાહેદ PW-1 યોગેશભાઈ બુધાભાઈ (ઈન્કવેસ્ટ પંચનામાનાં પંચ સાહેદ ) :–**

ફરીયાદપક્ષ તરફે **આંક–૦૮** થી પંચ સાહેદ યોગેશભાઈ બુધાભાઈને તપાસવામાં આવેલા છે, સદર પંચ સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે, આજથી પાંચથી દસ વર્ષ પહેલા માનસીંગપુરા ગામે ખેતરમાં ચાર રસ્તા પાસે મર્ડર થયેલુ, જે મૃતક માણસ ઈસમ હતા, જયાં મર્ડર થયેલ હોય, ત્યાં ગામના ઘણા માણસો ટોળે થયેલા, જયાં તેઓ પણ જોવા માટે ગયેલો, ત્યાં પોલીસ અધિકારી દ્વારા તેઓની પાસે એક સહી કરાવેલી, પરંતુ તે સહી શાં માટે કરાવેલ તે પુછેલ નહી. વધુમાં પંચ સાહેદ જુબાની દરમ્યાન પંચનામામા તેમની સહી તથા પંચ નં. ૨ તરીકે ગણેશભાઈ રામજીભાઈની સહી ઓળખી બતાવી **ઈન્કવેસ્ટ પંચનામું આંક–૦૯** થી રજુ કરે છે. સદર પંચ સાહેદ પંચનામાની હકીકતોને સમર્થનકારક પુરાવો આપતા ન હોય વિ. એ.પી.પી.શ્રી તરફે વિનંતી કરતા સદર પંચ સાહેદને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે અને વિ.એ.પી.પી.શ્રી દ્વારા વિગતવારની ઉલટતપાસ કરવા છતા પંચનામાની હકીકતોને સમર્થનકારક પુરાવો આપેલ નથી. આરોપી તરફે સદર પંચની કોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

**(૧૨) આંક–૧૯ નાં મરણજનારનું પી.એમ કરનાર ડોકટરશ્રીનો પુરાવો તથા આંક–૦૮ નાં ઈન્કવેસ્ટ પંચનામાના પંચ સાહેદના પુરાવાનું સંયુકત મુલ્યાંકન :–**

મરણજનારનું મૃત્યુ અકુદરતી હતું કે કેમ ? તે હકીકત પુરવાર કરવા ફરીયાદપક્ષ દ્વારા મરણજનારનું પી.એમ. કરનાર ડોકટરશ્રીને તપાસી

આંક–૨૦ થી પી.એમ. નોટ રજુ કરેલ છે. વધુમાં આંક–૦૮ થી ઇન્કવેસ્ટ પંચનામું રજુ થયેલ છે, પરંતુ સદર ઇન્કવેસ્ટ પંચનામામાનાં પંચ હોસ્ટાઇલ જાહેર થયેલ છે. વધુમાં ઉપરોકત ડોકટરશ્રીનો પુરાવો ધ્યાને લેતા, તેઓએ જે ડેડ બોડીનું પી.એમ. કરેલ તે ડેડ બોડીની ઓળખ અજીત વસાવાની થયેલી છે તેવી હકીકત સ્પષ્ટપણે ફલીત થાય છે. આ ડેડ બોડી ઉપર એક ટેટુ ચીતરાવેલ હતુ, જેનાં ઉપર અજીત વસાવા ગુજરાતીમાં લખેલ હતું, જેનાં કારણે તેમની ઓળખ થયાની હકીકત ફલીત થાય છે. વધુમાં આ ડેડ બોડીની ઇજાઓની હકીકતો જોતા, ડેડ બોડીની આંખની ડાબી બાજુએ ૩ x ૨ સે.મી.નો જેમ તેમ કપાયેલો ઘા તથા દાઢી ઉપર કન્ટીજયુન લેસલેટેડ વુન્ડ ૨ x ૨.૫ સે.મી. મસલ્સ સુધી ઉંડો ઘા, જમણા કપાળ ઉપર ૩ x ૩ સે.મી.નો, ડાબા ગાલ ઉપર ૪ x ૪ સે.મી.નો, ચામડીની અંદર લોહી જામી ગયેલ હતું તેમજ ડાબા પગમાં ફ્રેકચર થયેલ હતુ અને ડાબા પગ ઉપર અન્ય ઈજાઓ પણ જણાઇ આવેલ હતી તેમજ ડાબી બાજુ જડબાના ભાગે ફ્રેકચર થયેલ હોવાની હકીકત જણાઇ આવે છે. વધુમાં આ ડેડ બોડીની આંતરીક તપાસ કરતા માથાનાં ઉપરનાં ભાગે ત્વચાની નીચે કોઇ ઈજા જણાઇ આવેલ નહી, તેવી હકીકત જણાઇ આવે છે. વધુમાં ડોકટરશ્રીનાં અભિપ્રાય મુજબ મરનારનું મૃત્યુ મરનારનાં મગજમાં ઈજાઓ તથા ફ્રેકચર થયેલ હોવાથી લોહીની નસો ફાટી જવાથી જે લોહી મગજમાં જામી ગયેલ હતુ, જેના કારણે મરનારનું મૃત્યુ થયેલ હતુ તેવી હકીકત ફલીત થયેલ છે. વધુમાં સદર ડોકટરશ્રીની ઉલટતપાસ થકી એવી હકીકત રેકર્ડ ઉપર આવે છે કે, મરણજનારને મગજનાં અંદરનાં ભાગે ઈજાઓ હતી. આમ, ડોકટરશ્રીનો પુરાવો તથા આંક–૨૦ થી રજુ પી.એમ. રીપોર્ટ ધ્યાને લેતા, મરણજનાર અજીત વસાવાનું મૃત્યુ અકુદરતી રીતે અને મગજનાં અંદરનાં ભાગે થયેલ ઈજાઓનાં કારણે તથા ફ્રેકચર થયેલ હોવાથી લોહીની નશો ફાટી જામી જવાથી લોહી મગજમાં જામી ગયેલ હોવાનાં કારણે મરણજનારનું મૃત્યુ થયેલાનું ફલીત થાય છે. આમ, ફરીયાદપક્ષ સદર પુરાવા થકી મરણજનારનું મૃત્યુ અકુદરતી રીતે થયેલ હોવાની હકીકત પુરવાર કરવામાં સફળ નિવડેલ છે.

## ➢ ફરીયાદપક્ષ દ્વારા તપાસવામાં આવેલ પંચો, અન્ય સાહેદો, ત.ક.અધિકારીશ્રીનાં પુરાવાની ચર્ચા :–

**(૧૩) પંચ સાહેદ PW-2 શિવરામભાઈ પુંજાભાઈ (આરોપીનાં અટક પંચનામાના પંચ સાહેદ) :–**

ફરીયાદપક્ષ તરફે **આંક–૧૦** થી પંચ સાહેદ શિવરામભાઈ પુંજાભાઈને તપાસવામાં આવેલા છે, સદર પંચ સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે, તેઓને આજથી બે–ત્રણ વર્ષ પહેલા આમોદ પો.સ્ટે.માં તેઓની જોડે બીજા વ્યકિતઓ પણ આવેલા ત્યાં જઈ આરોપી રમેશભાઈ મેલાભાઈ વસાવાને તેઓએ જોયેલા, જેઓને પોલીસ અધિકારીઓ દ્વારા અટક કરી તેમનું શરીરસ્થિતિનું પંચનામું કરવાનુ હોય તેઓને સમજ કરેલી તે સમયે રમેશભાઈ મેલાભાઈ વસાવાએ એક ભુરા કલરનું આખી બાયનું શર્ટ તથા કાળા કલરનું પેન્ટ પહેરેલ હતુ અને આરોપીને કોઈ અકસ્માત થયેલો હોય તેમના ડાબા પગમાં ઈજાઓ થયેલી હોય જેઓને પાટો બાંધેલો હતો. વધુમાં પંચ સાહેદ જણાવે છે કે, આરોપીને તેઓની રૂબરૂ અટક કરી તેનુ શરીરસ્થિતિનું પંચનામું કરી જે પંચનામાની કોમ્પ્યુટરાઈઝ પ્રિન્ટ કાઢી તેઓએ વાંચી તેના પર સહી કરેલી, તેઓની જોડે આવેલા બીજા પંચ વિજય એસ.નાઓએ પણ સહી કરેલ. વધુમાં સદર પંચ સાહેદ જુબાની દરમ્યાન પંચનામામાં તેઓની તથા વિજય એસ.ની સહી ઓળખી બતાવી **આરોપીનું અટક પંચનામું આંક–૧૧** થી રજુ કરે છે.

**(૧૩.૧) આંક–૧૦ નાં પંચ સાહેદની ઉલટતપાસ :–** સદર પંચ સાહેદની ઉલટતપાસ આરોપી તરફે વિ. વકીલશ્રીએ કરેલ છે, જેમાં તેઓ જણાવે છે કે, પોલીસ તેઓનાં ઘરે બોલાવવા આવેલી. તેઓ અડધો કલાક પો.સ્ટે.માં રોકાયેલા. વધુમાં સાહેદ કબુલ રાખે છે કે, આરોપીને પગે ઈજા અકસ્માતથી થયેલી તે કેવી રીતે થયેલ તે તેઓને ખબર નથી. સાહેદ કબુલ રાખે છે કે, આરોપી રમેશભાઈ મેલાભાઈ કયાં ગામના છે અને તેમને કયાં ગુનામાં અટક કરેલ છે તેની તેઓને જાતમાહિતી નથી. સાહેદ ઈન્કાર કરે છે કે, તેઓને આરોપીને પો.સ્ટે.માં જોવાનો પ્રસંગ બનેલ નહી. સાહેદ કબુલ

રાખે છે કે, તેઓ લખાવતા હોય અને પોલીસ લખતી હોય તેવું બનેલ નહી. સાહેદ ઈન્કાર કરે છે કે, પોલીસે લખેલા કાગળ ઉપર તેઓની સહી લીધેલી. સાહેદ કબુલ રાખે છે કે, પંચનામું તેઓએ વાંચેલ નહી. ''પોલીસ સ્ટે.માં પંચનામાં વખતે તમો તથા પોલીસવાળા હતા તે સિવાય કોઇ ન હતું'' તેવા સવાલનાં જવાબમાં સાહેદ જણાવે છે કે, '' તે સિવાય પણ બીજા બધા હતા.''

**(૧૩.૨) આંક–૧૦ નાં પંચ સાહેદનાં પુરાવાનું મુલ્યાંકન :–** ઉપરોકત આરોપીના અટક પંચનામાના પુરાવાનું મુલ્યાંકન કરતા સદર પંચ તેમનાં પુરાવામાં સ્પષ્ટપણે તેઓની રૂબરૂ પોલીસ અધિકારી દ્વારા આરોપી રમેશભાઇ મેલાભાઇ વસાવાને અટક કરવામાં આવેલ હોય તેવી હકીકત જણાવે છે, તેમજ બનાવ સમયે આરોપી રમેશભાઇએ ભુરા કલરનું આખી બાંયનું શર્ટ તથા કાળા કલરનું પેન્ટ પહેરેલાનું તથા આરોપીને ડાબા પગમાં ઈજા થયેલ હોય પાટો બાંધેલાની હકીકત જણાવે છે. આમ, પંચ તેમનાં પુરાવામાં આંક–૧૧ થી રજુ આરોપીનાં અટક પંચનામાને સમર્થન કરતો પુરાવો આપે છે. સદર પંચની ઉલટતપાસની હકીકતો જોતા પણ તેઓ પંચનામાની હકીકતોને સંપૂર્ણપણે વળગી રહેલ છે અને આરોપીની તરફેણમાં કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. આમ, ફરીયાદપક્ષ આંક–૧૧ થી રજુ આરોપીનાં અટક પંચનામાની હકીકતો પુરવાર કરવામાં સફળ નિવડેલ છે.

**(૧૪) પંચ સાહેદ PW-3 મગનભાઈ છનાભાઈ સોલંકી (મરનારે બનાવ સમયે પહેરેલ કપડા કબજે કર્યાનાં પંચનામાનાં પંચ સાહેદ) :–**

ફરીયાદપક્ષ તરફે **આંક–૧૭** થી પંચ સાહેદ મગનભાઈ છનાભાઈ સોલંકીને તપાસવામાં આવેલા છે, સદર પંચ સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે, તેઓને આજથી દસથી પંદર વર્ષ પહેલા આમોદ પો.સ્ટે. માં બોલાવેલો. ત્યાં ઓફીસમાં પોલીસ અધિકારી હાજર હોય જેમણે તેઓને એક તૈયાર કરેલા લખાણ ઉપર સહી કરાવેલી અને તેઓએ ફકત સહી કરેલી. તેઓની રૂબરૂ કોઇ ચીજવસ્તુ કબજે કરવામાં આવેલ નથી કે તેઓને કોઇ વ્યકિત મરણ ગયેલ હોય તેને બતાવવામાં આવેલ નહી. વધુમાં પંચ

સાહેદ જુબાની દરમ્યાન પંચનામામા તેમની સહી ઓળખી બતાવી **મરણજનારને બનાવ સમયે પહેરેલ કપડા કબજે કર્યાનું પંચનામું આંક–૧૮** થી રજુ કરે છે. સદર પંચ સાહેદ પંચનામાની હકીકતોને સમર્થનકારક પુરાવો આપતા ન હોય વિ. એ.પી.પી.શ્રી તરફે વિનંતી કરતા સદર પંચ સાહેદને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે અને વિ.એ.પી.પી.શ્રી દ્વારા વિગતવારની ઉલટતપાસ કરવા છતા પંચનામાની હકીકતોને સમર્થનકારક પુરાવો આપેલ નથી.

**(૧૪.૧) આંક–૧૭ નાં પંચ સાહેદની ઉલટતપાસ :–** સદર પંચ સાહેદની ઉલટતપાસ આરોપી તરફે વિ. વકીલશ્રીએ કરેલ છે, જેમાં તેઓ કબુલ રાખે છે કે, પો.સ્ટે.માં પોલીસ અને તેઓનાં સિવાય બીજુ કોઇ ન હતુ અને તેઓની સાથે બીજા કોઇ ઇસમ હતા નહી.

**(૧૪.૨) આંક–૧૭ નાં પંચ સાહેદના પુરાવાનું મુલ્યાંકન :–** ઉપરોકત પંચોનો પુરાવો જોતા તેઓ તેમની જુબાનીમાં બનાવ સમયે મરણજનારે પહેરેલ કપડા તેમની રૂબરૂ કબજે કરવામાં આવેલ હોય તેવી કોઇ જ હકીકતને સમર્થન કરેલ નથી અને તેઓને હોસ્ટાઇલ જાહેર કર્યા બાદ ઉલટતપાસ દરમ્યાન પણ પંચનામાની હકીકતોને સમર્થન કરતા નથી. આમ, ફરીયાદપક્ષ આંક–૧૮ થી રજુ મરણજનારે બનાવ સમયે પહેરેલ કપડા કબજે કર્યાના પંચનામાની હકીકતો પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે.

**(૧૫) સાહેદ PW-5 સોમાભાઇ છોટુભાઇ (સાહેદ) :–**

ફરીયાદપક્ષ તરફે **આંક–૨૧** થી સાહેદ સોમાભાઇ છોટુભાઇને તપાસવામાં આવેલા છે, સદર સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે, તેઓ કાંકરીયા મુકામે રહી મજુરી કરે છે. તેઓને પોલીસે આમોદ પો.સ્ટે.માં બોલાવેલ, પરંતુ તેઓની કોઇ પુછપરછ કરવામાં આવેલ નથી કે તેઓને કોઇ વસ્તુ બતાવવામાં આવેલ નથી, ફકત તેઓનું નિવેદન નોંધવામાં આવેલ, તે નિવેદન તેઓએ વાંચેલ નહી કે તેઓને વાંચી સંભળાવવામાં આવેલ નથી. તેઓ કોઇ આરોપીને ઓળખતા નથી. સદર સાહેદ ફરીયાદપક્ષનાં કેસને

સમર્થનકારક પુરાવો આપતા ન હોય વિ. એ.પી.પી.શ્રી તરફે વિનંતી કરતા સદર સાહેદને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે અને વિ.એ.પી.પી.શ્રી દ્ધારા વિગતવારની ઉલટતપાસ કરવા છતા ફરીયાદપક્ષનાં કેસની હકીકતોને સમર્થનકારક પુરાવો આપેલ નથી.

**(૧૫.૧) આંક–૨૧ નાં સાહેદની ઉલટતપાસ :–** સદર સાહેદની ઉલટતપાસ આરોપી તરફે વિ. વકીલશ્રીએ કરેલ છે, જેમાં તેઓ જણાવે છે કે, તેઓને એ વાતની ખબર નથી કે, પોલીસે તેઓનું નામ અને સરનામું પુછેલ કે કેમ ?

**(૧૫.૨) આંક–૨૧ નાં સાહેદના પુરાવાનું મુલ્યાંકન** :– ઉપરોકત સાહેદનો પુરાવો જોતા, તેઓ ફરીયાદપક્ષનાં કેસની હકીકતોને કોઈપણ રીતે સમર્થન આપતા નથી કે આરોપીને તેઓ ઓળખી બતાવતા પણ નથી અને તેઓ હોસ્ટાઈલ જાહેર થયેલ છે. આમ, આરોપીને ગુના સાથે સાંકળી શકાય તેવી કોઈ જ હકીકત સદર સાહેદની જુબાનીનાં આધારે રેકર્ડ ઉપર આવેલ નથી.

**(૧૬) સાહેદ PW-6 જગદિશભાઈ ઈશ્વરભાઈ પરમાર (ફરીયાદ લેનાર તથા ત.ક.અધિકારી) :–**

ફરીયાદપક્ષ તરફે **આંક–૨૨** થી સાહેદ જગદિશભાઈ ઈશ્વરભાઈ પરમારને તપાસવામાં આવેલા છે, સદર સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે, તેઓ સને ૨૦૧૫ થી જુલાઈ ૨૦૧૭ સુધી આમોદ પો.સ્ટે.માં પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા. ફરજ દરમ્યાન તા.૨૬/૦૧/૨૦૧૭ ના રોજ તેઓના ઉપર બીટ જમાદારનો ફોન આવેલ આથી તેઓ માનસીંગપુરા ગામે ગયેલ, ત્યાં તેઓના રૂબરૂમાં કનુભાઈ છોટુભાઈ વસાવાએ ફરીયાદ આપેલ કે, ''ગઈકાલ તા. ૨૫/૦૧/૨૦૧૭ ના રોજ અમો રાત્રીના સમય અમારા ઘરે કોઠી ગામથી અમારા ભાભી કમળાબેન અમારા ઘરે આવેલા હોવાથી તેઓએ જમવાનું બનાવેલ અને અમો ત્રણેય ભાઈઓ જમવા બેઠેલા હતા, તે વખતે અમારા પિતરાઈ બનેવી રમેશભાઈ

મેલાભાઈ વસાવા આવેલા અને તેમને પણ અમોએ જમવા બેસાડેલા, ત્યારબાદ અમો બહાર બેસેલ હતા, ત્યારે અમારા ભાભી બકરા બાંધે ત્યાં નજીકમાં ખાટલા ઉપર સુતેલ હતા તેમને આ રમેશભાઈ વસાવાએ બદકામ કરવાના ઈરાદે ખોટા ઈશારા કરેલ હોય તે મારો ભાઈ અજીત જોઈ જતા તેણે આ રમેશ વસાવાને ઠપકો આપેલ કે, તુ મારા ઘરે ખાઈ અને મારા ભાભીની છેડતી કરે છે, આથી આ રમેશ ગુસ્સામાં આવી હું તને જોઇ લઈશ તેમ કહી જતા રહેલ હતા અને રાત્રે મારો નાનોભાઈ અજીત ખેતરમાં મકાઈ અને તુવેર વાવેલા હોય અને ભુંડનો ત્રાસ હોવાથી પાકને નુકશાન ના થાય તે માટે સાચવવા ખેતરે ગયેલ હતો અને તે સવારે ઘરે નહી આવતા તેને જોવા જતા લોહીલુહાણ હાલતમાં ખાટલામાં હતો, આ રમેશે કોઈ તિક્ષ્ણ હથિયાર કે બોથડ હથિયારથી અજીતનું મોત નિપજાવેલ હોય'' વિગેરે મતલબની ફરીયાદ આપતા તેઓની રૂબરૂ લખી લઈ ગુનો દાખલ કરવા માટે પી.એસ.ઓ.ને મોકલી દીધેલ. વધુમાં તેઓને અસલ ફરીયાદ બતાવવામાં આવતા તેમાં કનુભાઈ છોટુભાઈ વસાવાનું ડાબા હાથના અંગુઠાનું નિશાન તેમજ રૂબરૂ તરીકે ફરીયાદ લેનાર તરીકે તેઓની સહી હોવાનું જણાવી **ફરીયાદ આંક-૨૩** થી રજુ કરે છે. વધુમાં સદર સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે, ત્યારબાદ તેઓએ આગળની તપાસ સંભાળી ગુનાવાળી જગ્યાએ બે પંચોને સાથે રાખી તેઓની રૂબરૂ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ, જે ગુનાવાળી જગ્યાના પંચનામા બે પંચોની તથા રૂબરૂ તેઓની સહી ઓળખી બતાવી, **ગુનાવાળી જગ્યાનું પંચનામું આંક-૨૪** થી રજુ કરે છે. વધુમાં સદર સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે, ત્યારબાદ મરનારનું બે પંચો રૂબરૂ ઈન્કવેસ્ટ પંચનામું ભરેલ. તેઓ આંક-૦૯ થી રજુ ઈન્કવેસ્ટ પંચનામાં પંચોની તથા રૂબરૂપણામાં તેઓની સહી ઓળખી બતાવે છે. વધુમાં સદર સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે, ત્યારબાદ આગળની તપાસ સંભાળતા લાગતા-વળગતા સાહેદોના નિવેદનો નોંધેલા તેમજ આરોપીની તપાસ કરતા મળી આવેલ ન હતા, જેથી વધુ તપાસમાં રહેવાની શરતે સમરી કોર્ટમાં દાખલ કરેલી, ત્યારબાદ તેઓની આમોદથી ભરૂચ 'બી' ડીવી. માં બદલી થતા આ તપાસ પી.એસ.આઈ. ડોડીયાને સુપરત કરેલી.

**(૧૬.૧) આંક–૨૨ નાં સાહેદની ઉલટતપાસ :–** સદર સાહેદની ઉલટતપાસ આરોપી તરફે વિ. વકીલશ્રીએ કરેલ છે, જેમાં તેઓ જણાવે છે કે, ફરીયાદ તેઓએ જગ્યા ઉપર લીધેલી. સાહેદ કબુલ રાખે છે કે, ફરીયાદીએ તેમની ફરીયાદમાં એવી હકીકત લખાવેલી છે કે, ''આ ફરીયાદ મારા ગામનાં સરપંચ રાજુભાઇ ઉર્ફે અનિલભાઇ સોલંકી સાથે લખાવેલ છે.'' સાહેદ કબુલ રાખે છે કે, તેઓએ કરેલ તપાસ દરમ્યાન બનાવ નજરે જોનાર સાહેદ મળી આવેલ નહી. સાહેદ ઈન્કાર કરે છે કે, તેઓએ તમામ સાહેદોનાં નિવેદનો તથા ગુનાવાળી જગ્યાનું પંચનામું પો.સ્ટે.માં બેસીને લખી દીધેલું.

**(૧૬.૨) આંક–૨૨ નાં સાહેદના પુરાવાનું મુલ્યાંકન :–** ઉપરોકત આંક–૨૨ નાં સાહેદ હાલનાં ગુનાના કામે ફરીયાદ લેનાર આમોદ પો.સ્ટે.નાં પી.એસ.આઇ. છે. સદર સાહેદનાં પુરાવા મુજબ તા. ૨૬/૦૧/૨૦૧૭ નાં રોજ તેમનાં ઉપર બીટ જમાદારનો ફોન આવતા તેઓ માનસીંગપુરા ગામ જઇ ફરીયાદી કનુભાઇ છોટુભાઇ વસાવાનાઓએ જે ફરીયાદ આપેલ તે ફરીયાદ નોંધેલ હોય તેવી હકીકત જણાય છે. વધુમાં પુરાવા મુજબ બનાવ તા. ૨૫/૦૧/૨૦૧૭ નાં રોજ બનેલો હોય તેવી હકીકત પણ ફલીત થાય છે. વધુમાં સદર સાહેદ તેમની જુબાનીમાં ફરીયાદની હકીકતો જણાવે છે અને તે મુજબ આરોપી રમેશભાઇ વસાવાએ ફરીયાદીનાં નાના ભાઇ અજીતને ખેતરમાં તિક્ષ્ણ હથિયાર કે બોથડ હથિયાર વડે મોત નિપજાવેલ હોય તે અંગેની ફરીયાદ હોય તેમ જણાય છે. વધુમાં આંક–૨૩ થી રજુ ફરીયાદ હકીકતો જોતા, ફરીયાદી પોતે આ કામનાં બનાવ નજરે જોનાર નથી, પરંતુ તા. ૨૬/૦૧/૨૦૧૭ નાં રોજ સવારે ફરીયાદી તુવેરનાં ખેતરમાં જોવા જતા મરણજનાર અજીતને ઉઠાડવા જતા ગોદળુ ખેચતા મરણજનાર અજીતને મોઢા ઉપર, ડાબી આંખ નીચે, ગાલ ઉપર તથા દાઢીનાં ભાગે ઈજાઓ જણાયેલી તેમજ નજીકમાં જ આરોપી રમેશ મેલાનુ ઝુંપડુ આવેલું હતુ તે બળીને ખાખ થઇ ગયેલ હતું અને ત્યારબાદ તેઓએ સરપંચ રાજુ ઉર્ફે અનિલભાઇ સોલંકીને ફોન કરી વાત કરતા તે ત્યાં આવેલા અને ત્યારબાદ ફરીયાદીએ હાલની ફરીયાદ આપેલાનું જણાય આવે છે. આમ, સમગ્ર

ફરીયાદની હકીકતો વંચાણે લેતા, ફરીયાદ થકી આ બનાવ કોઇએ નજરે જોયેલ હોય તેવી કોઇ હકીકત જણાય આવતી નથી. વધુમાં આ કામે ફરીયાદી કનુભાઇ છોટુભાઇ વસાવાનાઓને સમન્સ કરતા તેઓ મરણ ગયેલ છે તેવા મરણનાં દાખલા સાથે સમન્સ પરત આવેલ છે, જે મરણનો દાખલો તથા સમન્સ આંક–૧૨ તથા આંક–૧૩ થી રેકર્ડ ઉપર રજુ છે. આમ, હાલનાં કામે ફરીયાદીની જુબાની થઇ શકે તેમ નથી, જેથી સદર ફરીયાદ લેનાર પી.એસ.આઇ. જગદિશભાઇ ઇશ્વરભાઇ પરમારની જુબાનીમાં ફરીયાદ રેકર્ડ ઉપર લેવામાં આવેલ છે. આમ, સદર સાહેદની જુબાની થકી ફરીયાદ રેકર્ડ ઉપર આવેલ છે તેથી વિશેષ આરોપીને ગુના સાથે સાંકળી શકાય તેવી મહત્વની હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં સદર સાહેદ બનાવવાળી જગ્યા ઉપર પંચનામું કરેલ હોય, જે બનાવવાળી જગ્યાનું પંચનામું આંક–૨૪ થી રજુ થયેલ છે, સદર પંચનામાની હકીકતો જોતા, મરણજનાર અજીતભાઇ છોટુભાઇ વસાવા ખેતરમાં ખાટલા ઉપર પાથરેલ ગોદળી ઉપર સુતેલા હતા અને તેનાં ઉપર લોહીના ડાઘા તથા ઇજાઓની હકીકત તથા ચતુર્થદિશાની હકીકતો રેકર્ડ ઉપર આવે છે તેમજ આ બનાવ સ્થળ ઉપરથી ખાટલા ઉપરની લોહીવાળી પાટીનો ટુકડો તથા જમીન ઉપર પડેલ લોહીનાં ડાઘવાળી લોહીવાળી માટી તથા ગોદળી વિગેરેનાં સેમ્પલ તપાસ અર્થે મોકલાવવા કબજે કરેલાની હકીકત જણાય આવે છે. આમ, સદર ત.ક.અધિકારીશ્રીની જુબાની થકી તેઓએ બનાવ સ્થળેથી ઉપરોકત ચીજવસ્તુઓ કબજે કરેલ હોય તેવી હકીકત રેકર્ડ ઉપર આવે છે, પરંતુ આરોપીને સીધી રીતે ગુનામાં સાંકળી શકાય તેવી મહત્વની હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

**(૧૭) પંચ સાહેદ PW-7 પ્રવિણભાઇ પ્રહલાદભાઇ ઠાકોર (ગુનાવાળી જગ્યાનાં પંચનામાના પંચ સાહેદ) :–**

ફરીયાદપક્ષ તરફે **આંક–૨૬** થી પંચ સાહેદ પ્રવિણભાઇ પ્રહલાદભાઇ ઠાકોરને તપાસવામાં આવેલા છે, સદર પંચ સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે, સને ૨૦૧૭ ના અરસામાં તેઓને પોલીસે આમોદ પો.સ્ટે.માં બોલાવેલ અને એક કાગળ ઉપર તેઓની સહી કરાવેલી, આ સહી

શાં બાબતે કરાવેલ તેની તેઓને ખબર નથી. તેઓને કોઇ જગ્યાએ લઇ જવામા આવેલ હોય તેમ બનેલ નહી. વધુમાં સદર પંચ સાહેદ **આંક–૨૪** થી રજુ ગુનાવાળી જગ્યાનું પંચનામામાં પંચ નં.૧ તરીકે તેઓની તથા પંચ નં.૨ સોલંકી રાજુભાઈ ડાહયાભાઈની સહી ઓળખી બતાવે છે. સદર પંચ સાહેદ પંચનામાની હકીકતોને સમર્થનકારક પુરાવો આપતા ન હોય વિ. એ.પી.પી.શ્રી તરફે વિનંતી કરતા સદર પંચ સાહેદને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે અને વિ.એ.પી.પી.શ્રી દ્બારા વિગતવારની ઉલટતપાસ કરવા છતા પંચનામાની હકીકતોને સમર્થનકારક પુરાવો આપેલ નથી.

**(૧૭.૧) આંક–૨૬ નાં પંચ સાહેદની ઉલટતપાસ :–** સદર પંચ સાહેદની ઉલટતપાસ આરોપી તરફે વિ. વકીલશ્રીએ કરેલ છે, જેમાં તેઓ કબુલ રાખે છે કે, પોલીસે તૈયાર લખાણ ઉપર તેઓની સહી કરાવેલી. વધુમાં જણાવે છે કે, તેઓની રૂબરૂ પંચનામાની કોઇ કાર્યવાહી કરવામાં આવેલ ન હતી તથા પંચનામું શેના બાબતનું હતું તેની તેઓને કોઇ જાતમાહિતી નથી.

**(૧૭.૨) આંક–૨૬ નાં પંચ સાહેદના પુરાવાનું મુલ્યાંકન :–** ઉપરોકત પંચનો પુરાવો જોતા, આંક–૨૨ થી તપાસવામાં આવેલ ત.ક.અધિકારીશ્રી જગદિશભાઇ પરમારનાઓએ પંચોની રૂબરૂમાં પંચનામું કરેલ તેવી હકીકતો જણાવી આંક–૨૪ થી બનાવવાળી જગ્યાનું પંચનામું રજુ કરેલ છે, તે પંચનામાનાં પંચો પૈકીનાં એક પંચ હાલનાં પંચ છે અને તેઓ તેમની જુબાનીમાં પંચનામાની હકીકતોને કોઇપણ રીતે સમર્થન કરતા નથી અને હોસ્ટાઇલ જાહેર થયેલ છે, પરંતુ સદર પંચનામું કરનાર ત.ક.અધિકારીશ્રીનાં પુરાવા થકી બનાવવાળી જગ્યાની હકીકતો તથા બનાવવાળી જગ્યા ઉપરથી લોહીવાળી પાટીનો ટુકડો, લોહીવાળી માટી વિગેરે કબજે થયેલાની હકીકતો રેકર્ડ ઉપર આવેલ છે, ત્યારે સદર પંચ ભલે તેમની જુબાનીમાં પંચનામાની હકીકતોને સમર્થન કરતા ન હોય, પરંતુ સદર પંચનામું કરનાર પોલીસ સાહેદની જુબાની થકી આંક–૨૪ થી રજુ બનાવવાળી જગ્યાનાં પંચનામાની હકીકતો પુરવાર થયેલ છે.

**(૧૮) પંચ સાહેદ PW-8 જગદિશભાઇ વસંતભાઇ વસાવા ( હથિયાર અને આરોપીનાં કપડા કબજે કર્યાનાં પંચનામાના તથા રી–કન્ટ્રકશન પંચનામાના પંચ સાહેદ) :–**

ફરીયાદપક્ષ તરફે **આંક–૨૭** થી પંચ સાહેદ જગદિશભાઇ વસંતભાઇ વસાવાને તપાસવામાં આવેલા છે, સદર પંચ સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે, સને–૨૦૨૫ ના અરસામાં તેઓને પોલીસે આમોદ પો.સ્ટે.માં બોલાવેલા અને બે–ત્રણ કાગળો ઉપર તેઓની સહી કરાવેલી, આ સહી શાં બાબતે કરાવેલ તેની તેઓને ખબર નથી, પોલીસે તેઓની રૂબરૂ કોઇ ચીજવસ્તુ કબજે કરેલ હોય તેમ બનેલ નહી કે કોઇ જગ્યાએ લઇ જવામાં આવેલ હોય તેમ બનેલ નથી. વધુમાં સદર પંચ સાહેદ જુબાની દરમ્યાન હથીયાર તથા આરોપીના કપડા કબજે કર્યા અંગેના પંચનામામાં પંચ નં. ૨ તરીકે તેઓની તથા પંચ નં.૧ રાહુલભાઈ રમણભાઈ વસાવાની ઓળખી બતાવી **પંચનામું આંક–૨૮** થી રજુ કરે છે. વધુમાં પંચ સાહેદ પંચ સાહેદ જુબાની દરમ્યાન રી–કસ્ટ્રકશન પંચનામામાં પંચ નં.૨ તરીકે તેઓની તથા પંચ નં.૧ રાહુલભાઈ રમણભાઈ વસાવાની સહી ઓળખી બતાવી **રી–કન્ટ્રકશન પંચનામું આંક–૨૯** થી રજુ કરે છે. સદર પંચ સાહેદ પંચનામાઓની હકીકતોને સમર્થનકારક પુરાવો આપતા ન હોય વિ. એ.પી.પી.શ્રી તરફે વિનંતી કરતા સદર પંચ સાહેદને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે અને વિ.એ.પી.પી.શ્રી દ્વારા વિગતવારની ઉલટતપાસ કરવા છતા પંચનામાઓની હકીકતોને સમર્થનકારક પુરાવો આપેલ નથી.

**(૧૮.૧) આંક–૨૭ નાં પંચ સાહેદની ઉલટતપાસ :–** સદર પંચ સાહેદની ઉલટતપાસ આરોપી તરફે વિ. વકીલશ્રીએ કરેલ છે, જેમાં તેઓ કબુલ રાખે છે કે, પોલીસે તૈયાર લખાણ ઉપર તેઓની સહી કરાવેલી. વધુમાં જણાવે છે કે, તેઓની રૂબરૂ પંચનામાની કોઇ કાર્યવાહી કરવામાં આવેલ ન હતી તથા પંચનામું શેના બાબતનું હતું તેની તેઓને કોઇ જાતમાહિતી નથી.

**(૧૮.૨) આંક–૨૭ નાં પંચ સાહેદનાં પુરાવાનું મુલ્યાંકન :–** સદર પંચનો પુરાવો જોતા તેઓ આરોપીનાં કપડા તથા હથિયાર કબજે કર્યાનાં પંચનામાના તથા રી–કન્સ્ટ્રકશન પંચનામાનાં પંચ છે. સદર બન્ને પંચનામા જોવામાં આવે તો, તા. ૧૦/૦૩/૨૦૨૫ નાં રોજનાં પંચનામા છે. વધુમાં સદર બનાવ વર્ષ–૨૦૧૭ માં બનેલો છે, ત્યારે આટલા વર્ષો પછી બનાવ સમયે આરોપીએ વાપરેલ હથિયાર તથા બનાવ સમયે તેઓએ પહેરેલ કપડા રજુ કરતા હોય તે હકીકત માની શકાય તેમ નથી. વધુમાં આંક–૨૮ નાં પંચનામા મુજબ આરોપીએ ગુનાનાં કામે ઉપયોગમાં લીધેલ હથિયાર લાકડુ પોતાના ઘરેથી લાવી–મંગાવી રજુ કરેલાની હકીકત દર્શાવેલ છે, પરંતુ ફરીયાદપક્ષનાં કેસ મુજબ આરોપીએ પોતાનું ઝુંપડુ સળગાવી દઈ ત્યાંથી નાસી ગયેલ તેવો કેસ છે, ત્યારે આરોપીએ પોતાના ઘરમાંથી કેવી રીતે બનાવમાં ઉપયોગમાં લીધેલ હથિયાર લાકડુ રજુ કરી શકે તે એક પ્રશ્ન છે. વધુમાં આ કામે તપાસવામાં આવેલ ઉપરોકત પંચ તેમની જુબાનીમાં સદર બન્ને પંચનામા અંગેની કોઈ જ હકીકત જણાવતા નથી અને હોસ્ટાઈલ જાહેર થયેલા છે, ત્યારે ફરીયાદપક્ષ આંક–૨૮ થી રજુ હથિયાર તથા આરોપીનાં કપડા કબજે કર્યાનું પંચનામું તથા આંક–૨૯ થી રજુ રી–કન્સ્ટ્રકશન પંચનામાની હકીકતો સાબીત કરવામાં નિષ્ફળ નિવડેલ છે.

**(૧૯) સાહેદ PW-9 કમળાબેન રમેશભાઈ વસાવા (મરણજનારનાં ભાભી) :–**

ફરીયાદપક્ષ તરફે **આંક–૩૦** થી સાહેદ કમળાબેન રમેશભાઇ વસાવાને તપાસવામાં આવેલા છે, સદર સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે, તેઓ માનસીંગપુરા રહેતી હતી, જયાં તેઓ તેમની કોઈ સાસુ હીરાબેન રહેતા હોય ત્યા મહેમાન તરીકે ગયેલા હતા. તેઓ મહેમાન બની ગયા તે સમયે રાત્રીના સમય તેઓ, તેમનો દિયર અજીત તથા કનુભાઈ હાજર હતા. તેઓ જમી પરવારીને સુઈ ગયેલા અને સવારે તેઓ જાગેલા, ત્યારે તેઓને ખબર પડેલી કે, અજીતભાઈને રમેશભાઈએ મારી નાખેલ છે. વધુમાં સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે, તેઓ ત્યાં બેઠેલા હતા તે સમયે આરોપી

રમેશ તેણીનો હાથ પકડી તેણીની છેડતી કરતા હોય મરનાર અજીતભાઈ જોઇ જતા રમેશને ઠપકો આપેલ કે, તુ મારી ભાભીને કેમ છેડતી કરે છે ? ત્યારબાદ તેઓનો દિયર અજીત રાત્રીના સમયે ખેતરમાં સુવા માટે ગયેલો અને ત્યાં રમેશ મેલાએ જઈને ત્યાં અજીતને રમેશે આખા શરીરે ધારીયાથી કાપી મારી નાખેલ. ત્યારબાદ તેમને ત્યાં ખેતરથી ટેમ્પામાં નાખીને આમોદ દવાખાને લઈ ગયેલા, ત્યાં તેમને ડોકટરોએ મૃત જાહેર કરેલા અને પોલીસે તેઓને બે થી ત્રણ વાર બોલાવીને તેઓનું નિવેદન નોંધેલુ. આરોપી તેઓનો દિયર થતો હોય, જેથી તેઓ તેને ઓળખે છે. સદર સાહેદ ફરીયાદપક્ષનાં કેસને સમર્થનકારક પુરાવો આપતા ન હોય વિ. એ.પી.પી.શ્રી તરફે વિનંતી કરતા સદર સાહેદને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે અને વિ.એ.પી.પી.શ્રી દ્વારા વિગતવારની ઉલટતપાસ કરવા છતા ફરીયાદપક્ષનાં કેસની હકીકતોને સમર્થનકારક પુરાવો આપેલ નથી.

**(૧૯.૧) આંક–૩૦ નાં સાહેદની ઉલટતપાસ :–** સદર સાહેદની ઉલટતપાસ આરોપી તરફે વિ. વકીલશ્રીએ કરેલ છે, જેમાં તેઓ કબુલ રાખે છે કે, તેઓ તેમનાં ફોઇ સાસુનાં ઘરે મહેમાન તરીકે ગયેલ તે સમયે તેઓની સાથે તેઓનાં પતિ રમેશભાઇ પણ આવેલા. સાહેદ કબુલ રાખે છે કે, તેઓનાં જેઠનું નામ રમેશભાઇ છોટુભાઇ વસાવા છે. સાહેદ જણાવે છે કે, તેઓ ગુજરી ગયેલ છે. વધુમાં સાહેદ જણાવે છે કે, તેઓને એ વાતની ખબર નથી કે, જમ્યા બાદ બહાર બેસીને આ ત્રણેય જણા દારૂ પીતા હતા. સાહેદ કબુલ રાખે છે કે, તેઓ જયાં રહેવા ગઇ ત્યાં એક કનુભાઇનું અને બીજુ સોમાભાઇનું ઝુંપડુ હતુ અને આ ઝુંપડાવાળી જગ્યાએ લાઇટની વ્યવસ્થા ન હતી. સાહેદ કબુલ રાખે છે કે, લાઇટ ન હોવાનાં કારણે દુર શું થાય છે તે જોઇ શકાય નહી. સાહેદ ઇન્કાર કરે છે કે, આરોપી રમેશે તેઓનો હાથ પકડી છેડતી કરેલ તે હકીકત પોલીસ રૂબરૂનાં નિવેદનમાં લખાવેલ નથી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, મારા દિયરે લખાવેલ. સાહેદ કબુલ રાખે છે કે, પોલીસને તેઓએ લખાવેલું નહી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, મારા દિયરે લખાવેલ. સાહેદ

કબુલ રાખે છે કે, તેઓ રાત્રીનાં ઝુંપડામાં સુઇ ગયેલ, ત્યારબાદ સવારે તેઓના દિયરે બનાવ અંગે જાણ કરેલી.

**(૧૯.૨) આંક–૩૦ નાં સાહેદના પુરાવાનું મુલ્યાંકન :–** હાલનાં કેસમાં સદર સાહેદ મહત્વનાં સાહેદ છે કારણ કે, આંક–૨૩ ની ફરીયાદ મુજબ સદર સાહેદ કમળાબેનની આરોપીએ છેડતી કરેલી અને બદકામ કરવાનો ઇશારો કરેલો, જેથી મરણજનાર અજીતભાઇએ હાલનાં આરોપીને રમેશભાઇ મેલાભાઇને ઠપકો આપેલ અને જેથી મરણજનાર તથા હાલનાં આરોપી રમેશભાઇ વચ્ચે બોલાચાલી તથા ગાળાગાળી થયેલી અને ત્યારબાદ રાત્રીનાં સમયે ફરીયાદવાળો બનાવ બનેલો છે. આમ, ફરીયાદપક્ષનાં કેસ મુજબ સદર સાહેદ કમળાબેન મહત્વનાં સાહેદ છે અને તેઓનો પુરાવો જોતા, રાત્રીનાં સમયે તેઓ તથા તેમનો દિયર અજીત તથા કનુભાઇ જમી પરવારીનુ સુઇ ગયેલા અને જાગેલા ત્યારે તેઓને ખબર પડેલી કે, અજીતભાઇને આરોપી રમેશે મારી નાંખેલ છે. આમ, સદર સાહેદ ફરીયાદ હકીકતોથી વિપરીત હકીકત જુબાનીમાં જણાવે છે. ફરીયાદપક્ષનાં કેસ મુજબ મરણજનાર અજીતભાઇ તેમનાં ખેતરમાં એકલા સુવા ગયેલા અને ખાટલા ઉપર બહાર ખેતરમાં સુતા હતા તે સમયે હાલનો બનાવ બનેલો છે, જયારે સદર સાહેદ એવો પુરાવો આપે છે કે, રાત્રીનાં સમયે તેઓ તથા મરણજનાર તેમનાં દિયર અજીત તથા કનુભાઇ જમી પરવારીને સુઇ ગયેલા અને જાગેલા, ત્યારે તેમને ખબર પડેલી કે, અજીતને આરોપી રમેશે મારી નાંખેલ છે. વધુમાં સદર સાહેદ એવો પુરાવો આપે છે કે, તેઓ બેઠેલા હતા તે સમયે આરોપી રમેશે તેમનો હાથ પકડી છેડતી કરતો હોય અજીતભાઇ જોઇ જતા તેમણે રમેશને ઠપકો આપેલ અને ત્યારબાદ તેમનો દિયર અજીત રાત્રીનાં સમયે ખેતરમાં સુવા ગયેલ ત્યાં આરોપી રમેશે અજીતને આખા શરીરે ધારીયાથી કાપી મારી નાંખેલ. આમ, સદર સાહેદ આ બાબતે પણ ફરીયાદપક્ષનાં કેસની હકીકતોથી વિપરીતે હકીકત તેમની જુબાનીમાં જણાવે છે કારણ કે, ફરીયાદપક્ષનાં કેસ મુજબ આરોપીએ મરણજનારે આખા શરીરે ધારીયાથી કાપી નાંખેલ હોય તેવો કોઇ કેસ નથી. આમ, એકંદરે સદર સાહેદનો સમગ્ર

પુરાવો જોતા તેઓ ફરીયાદપક્ષનાં કેસની હકીકતોને સ્પષ્ટપણે સમર્થન કરતા નથી અને તેઓને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે, તે સંજોગોમાં સદર સાહેદનો પુરાવો વિશ્વસનીય જણાતો નથી અને તેમનાં પુરાવાનાં આધારે આરોપીને ગુના સાથે સાંકળી શકાય તેમ નથી.

**(૨૦) સાહેદ PW-10 શનુભાઈ રઘુનાથ વસાવા (સાહેદ) :–**

ફરીયાદપક્ષ તરફે **આંક–૩૨** થી સાહેદ શનુભાઈ રઘુનાથ વસાવાને તપાસવામાં આવેલા છે, સદર સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે, તેઓ ઘણા સમયથી માનસંગપુરા તેઓના ફેમીલી જોડે રહી ખેત મજુરીનું કામ કરે છે અને તેઓની પત્નીનું નામ ભીખીબેન છે, તે સને–૨૦૨૩ ના અરસામાં ગુજરી ગયેલ છે અને તેઓને સંતાનમાં ત્રણ બાળકો છે. વધુમાં સાહેદ જણાવે છે કે, તેઓની દિકરી જશોદાબેન ઉર્ફે જશીબેનના લગ્ન પાદરીયા ગામમાં થયેલ હતા અને જેઓ ગુજરી ગયેલા છે. તેઓની પુત્રી જશોદા ઉર્ફે જશી જેને રમેશભાઈ મેલાભાઈ જોડે પ્રેમ સંબંધ હોય તેને લઈને ભાગી ગયેલા, જેઓ અવાદર મુકામે મંદિરની બાજુમાં પોતાના ઘરમાં રહેતા હતા. પોલીસે તેઓનું નિવેદન લેવા આમોદ પો.સ્ટે. બોલાવેલ, પરંતુ શા માટે બોલાવેલ તે જણાવેલ નહી અને શું બનાવ બનેલો હતો અને કયારે બનેલો તે બાબતે તેઓને કોઈ જાતમાહિતી નથી અને બનાવ કંઈ રીતે બનેલો તે તેઓએ જોયેલ નથી કારણ કે તેઓ બિમાર હોય કોઈ જગ્યાએ ગયેલ નથી. આરોપી તેઓની દિકરીનો પતિ થતો હોય તેઓ ઓળખે છે. સદર સાહેદ ફરીયાદપક્ષનાં કેસને સમર્થનકારક પુરાવો આપતા ન હોય વિ. એ.પી.પી.શ્રી તરફે વિનંતી કરતા સદર સાહેદને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે અને વિ.એ.પી.પી.શ્રી દ્વારા વિગતવારની ઉલટતપાસ કરવા છતા ફરીયાદપક્ષનાં કેસની હકીકતોને સમર્થનકારક પુરાવો આપેલ નથી.

**(૨૦.૧) આંક–૩૨ નાં સાહેદની ઉલટતપાસ :–** સદર સાહેદની ઉલટતપાસ આરોપી તરફે વિ. વકીલશ્રીએ કરેલ છે, જેમાં તેઓ કબુલ રાખે છે કે, મરણજનારને કુલ ત્રણ ભાઈ છે અને આ ચારેય ભાઈઓ એક જ ગામમાં રહેતા હતા. સાહેદ ઈન્કાર કરે છે કે, રમેશ છોટુ વસાવા કમળાબેનની છેડતી

કરતા હોય તેવું તેઓને ગામ લોકો દ્વારા જાણવા મળેલુ. સાહેદ કબુલ રાખે છે કે, બનાવ બાબતે તેઓને કોઇ જાતમાહિતી નથી.

**(૨૦.૨) આંક–૩૨ નાં સાહેદનાં પુરાવાનું મુલ્યાંકન :–** સદર સાહેદનો પુરાવો જોતા, તેમની દિકરી જશોદાબેનના લગ્ન હાલનાં આરોપી રમેશભાઇ મેલાભાઇ સાથે પ્રેમ સંબંધથી થયેલા અને હાલ તેમની દિકરી ગુજરી ગયેલાનું જણાવે છે. વધુમાં સદર સાહેદ તેમની જુબાનીમાં શું બનાવ બનેલ હતો અને કયારે બનેલો તે સંબંધી તેઓ કોઇ હકીકત જણાવતા નથી. વધુમાં આ બનાવ કેવી રીતે બનેલો તે પણ તેઓએ જોયેલ નથી તેમ જણાવે છે. આમ, સદર સાહેદ ફરીયાદપક્ષનાં કેસની હકીકતોને સમર્થન કરતા ન હોય હોસ્ટાઇલ જાહેર થયેલ છે. આમ, સદર સાહેદનાં પુરાવા થકી આરોપીને ગુનાં સાંકળી શકાય તેવી કોઇ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

**(૨૧) સાહેદ PW-11 રઇજીભાઇ છોટુભાઇ વસાવા (સાહેદ) :–**

ફરીયાદપક્ષ તરફે **આંક–૩૩** થી સાહેદ રઇજીભાઇ છોટુભાઇ વસાવાને તપાસવામાં આવેલા છે, સદર સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે, બનાવ અંગે તેઓ કાંઇ જાણતા નથી કે બનાવ બાબતે તેઓને કોઇ જાતમાહિતી નથી. આરોપીને તેઓ ઓળખે છે. સદર સાહેદ ફરીયાદપક્ષનાં કેસને સમર્થનકારક પુરાવો આપતા ન હોય વિ. એ.પી.પી.શ્રી તરફે વિનંતી કરતા સદર સાહેદને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે અને વિ.એ.પી.પી.શ્રી દ્વારા વિગતવારની ઉલટતપાસ કરવા છતા ફરીયાદપક્ષનાં કેસની હકીકતોને સમર્થનકારક પુરાવો આપેલ નથી. સદર સાહેદની આરોપી તરફે કોઇ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

**(૨૧.૧) આંક–૩૩ નાં સાહેદનાં પુરાવાનું મુલ્યાંકન :–** સદર સાહેદનો પુરાવો જોતા, આ બનાવ અંગે તેઓ કાંઇ જાણતા નથી અને બનાવ બાબતે તેમને કોઇ જાતમાહિતી નથી તેમ જણાવી આરોપીને ઓળખી બતાવે છે, તેથી વિશેષ કોઇ જ હકીકત જણાવતા નથી. વધુમાં સદર સાહેદ મરણજનાર અજીતભાઇ વસાવાના મોટા ભાઇ થતા હોય તેમ જણાય છે. આમ, સદર

સાહેદનાં પુરાવા થકી પણ આરોપીને ગુના સાંકળી શકાય તેવી કોઇ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

## (૨૨) સાહેદ PW-12 રાજેન્દ્રભાઇ બોધાભાઇ કરમટીયા ( ત.ક.અધિકારી) :–

ફરીયાદપક્ષ તરફે **આંક–૩૪** થી ત.ક.અધિકારી રાજેન્દ્રભાઇ બોધાભાઇ કરમટીયાને તપાસવામાં આવેલા છે, સદર સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે, આમોદ પો.સ્ટે. માં વર્ષ–૨૦૨૫ ના સમય દરમ્યાન ફરજ બજાવતા હતા તે વખતે આમોદ પો.સ્ટે.ના ફર્સ્ટ ગુના રજી.નં. ૩/૨૦૧૭, ઈ.પી.કો.કલમ–૩૦૨, જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબના ગુનાના કામના પકડવાના આરોપીની ભરૂચ પેરોલ ફર્લો સ્કોડના પોલીસ કર્મીઓએ રમેશભાઇ મેલાભાઈ વસાવાની તા.૦૯/૦૩/૨૦૨૫ ના રોજ ધરપકડ કરી તેઓને આપતા સદર ગુનાની તપાસ તેઓએ સંભાળેલી. ફરીયાદ, પંચનામું, સાહેદોના નિવેદનો, ગુનાવાળી જગ્યાનો નકશો, પી.એમ. રીપોર્ટ અને ૭/૧૨, ૮ ના ઉતારાની નકલ વિગેરે તમામ તપાસના કાગળોથી વાકેફ થયેલ અને આગળની તપાસ તેઓએ શરૂ રાખેલી. વધુમાં સાહેદ જણાવે છે કે, આરોપીનું અટકનું પંચનામું પંચો રૂબરૂ તા.૦૯/૦૩/૨૦૨૫ ના રોજ કરેલુ તેમજ પંચો રૂબરૂ આરોપીએ પો.સ્ટે.થી ઘટનાનું સ્થળ અને બનાવ કેવી રીતે બનેલ તે હકીકત જણાવતુ રી–કન્સટ્રકશન પંચનામુ તા.૧૦/૦૩/૨૦૨૫ ના રોજ કરેલુ તેમજ આરોપીએ ગુનાના કામે વાપરેલ લાકડાનો ધોકો બતાવતા હોય તે અને આરોપીએ પહેરેલ કપડા કબજે કર્યાનું પંચનામું તા.૧૦/૦૩/૨૦૨૫ કરેલુ તેમજ તમામ કબજે કરેલ મુદ્દામાલ એફ.એસ.એલ. માં રવાના કરવામાં આવેલ અને સાહેદોના નિવેદનો લેવામાં આવેલ અને ચાર્જશીટ કરવા જેટલો પુરાવો હોય સમયમર્યાદામાં ચાર્જશીટ કરેલુ. વધુમાં ત.ક.અધિકારી મરનારની લાશ સોંપ્યા અંગેની રસીદ જે તેઓના પો.સ્ટે.ના અ.પો.કો.ઐયુબભાઈ રસુલભાઈ દ્વારા આપવામાં આવેલ હતી અને જેમાં તેમની સહી ઓળખી બતાવી **લાશ સોંપ્યા અંગેની રસીદ આંક–૩૫** થી રજુ કરે છે. વધુમાં ત.ક.અધિકારી

તલાટી દ્ધારા મરણના દાખલાઓ સાથે પાઠવવામાં આવેલો પત્ર તેઓને તપાસનાં કામે મળેલ હતો તે **પત્ર આંક–૩૬** થી રજુ કરે છે તેમજ તલાટીશ્રી કાકંરીયાનાઓ દ્ધારા તપાસના કામે રજુ કરેલ મરણના દાખલાઓ જે તેઓને તપાસના કામે મળેલા હતા તે અુનક્રમે **આંક–૩૭ થી ૪૦** સુધી રજુ કરે છે. વધુમાં ત.ક.અધિકારી ગુનાવાળી જગ્યાનો નકશો બનાવવા માટે ટી.ડી.ઓ. આમોદને કરેલ યાદીના સંદર્ભમાં તેમના દ્ધારા ગુનાવાળી જગ્યાનો નકશો, સર્કલ ઓફિસર દ્ધારા કરવામાં આવેલ રીપોર્ટ તથા પંચકયાસ જે દસ્તાવેજો તેઓની તપાસ દરમ્યાન મેળવવા આવેલ હતા જેને અનુક્રમે **આંક–૪ર થી ૪પ** સુધી રજુ કરે છે. વધુમાં ત.ક.અધિકારી સીમકાર્ડના એસ.ડી.આર. સી.ડી.આર. લોકેશનની માહીતી મેળવવા માટેની યાદીમાં તેઓના પો.સ્ટે.ના પી.એસ.આઈ. શ્રી જે.આઈ.પરમારની સહી ઓળખી બતાવી **યાદી આંક–૪૬** થી રજુ કરે છે. વધુમાં ત.ક.અધિકારી **મુદ્ધામાલ એફ.એસ.એલ. માં મળ્યા બાબતની પહોંચ આંક–૪૭** થી તથા રવાનગી નોંધમાં તેઓની સહી ઓળખી બતાવી **રવાનગી નોંધ આંક–૪૮** થી રજુ કરે છે. વધુમાં સાહેદ જણાવે છે કે, રવાનગી નોંધ મુજબ આરોપીએ રજુ કરેલ કપડા જે પૈકી પહેરેલ પેન્ટ તથા શર્ટ તથા એક સવા બે ફુટ જેટલુ લાંબુ લાકડુ તથા આરોપીનું બ્લડ સેમ્પલ પરીક્ષણ માટે એફ.એસ.એલ.માં મોકલવામાં આવેલ હતુ. વધુમાં ત.ક.અધિકારી ૭/૧ર ની કુલ પાંચ નકલો જે મોજે પુરશા, તા.આમોદના બ્લોક નં. પ૯૯/અ, પ૯૯/બ, ૬૦૧, ૬૦ર અને ૬૦૩ ની ખરી નકલો તેઓએ તપાસ દરમ્યાન મેળવેલ હતી તે **નકલોને સંયુકત આંક–૪૯** થી રજુ કરે છે. વધુમાં ત.ક.અધિકારી ગુનાના કામે ભરવામાં આવેલ ડોગ કોલ ફોર્મમાં તેઓના પો.સ્ટે.ના પી.આઈ. જે.આઈ.પરમારની સહી ઓળખી બતાવી **ડોગ કોલ ફોર્મ આંક–પ૦** થી તથા સ્ટેશન ડાયરીમાં ગુનાની નોંધ કરવા માટે લખવામાં આવેલી પોલીસ યાદીમાં તેઓની સહી ઓળખી બતાવી જે **યાદી આંક–પ૧** થી તથા મરણના દાખલાઓ લખવા માટે તલાટીશ્રી કાંકરીયા ગ્રામ પંચાયતને લખેલ પત્રમાં તેઓની સહી ઓળખી બતાવી **પત્ર આંક–પર** થી રજુ કરે છે. વધુમાં ત.ક.અધિકારી ગુનાના કામે વપરાયેલ હથીયાર તથા કપડા કબજે કર્યા અંગેના પંચનામા વખતે પંચોનું કરવામાં આવેલ વિડીયો

રેકોડીંગ ઈસાક્ષ્ય એપ્લીકેશનમાં અપલોડ કર્યા અંગેનું કાયદાની કલમ–૬૩(૪)(સી) મુજબનું સર્ટીફીકેટ તથા તેને લગતા દસ્તાવેજ, જેમાં તેઓનો ફોટોગ્રાફ છે અને તેઓના મોબાઈલ દ્વારા કરેલ, જે તેઓ ઓળખી બતાવી જેને **આંક–૫૩** થી રજુ કરે છે. વધુમાં ત.ક.અધિકારી ગુનાના કામે રી–કસ્ટ્રકશન અંગેના પંચનામા વખતે પંચોનુ કરવામાં આવેલ વિડીયો રેર્કોડીંગ ઈસાક્ષ્ય એપ્લીકેશનમાં અપલોડ કર્યા અંગેનું કાયદાની કલમ–૬૩(૪)(સી) મુજબનું સર્ટીફીકેટ તથા તેને લગતા દસ્તાવેજ, જેમાં તેઓનો ફોટોગ્રાફ છે અને તેઓના મોબાઈલ દ્વારા કરેલ જે તેઓ ઓળખી બતાવી જેને **આંક–૫૪** થી રજુ કરે છે. વધુમાં ત.ક.અધિકારી તપાસના કામે ઈન્કવેસ્ટ ભરવા માટે લખવામાં આવેલી પોલીસ યાદીમાં તેઓના પો.સ્ટે.ના પી.એસ.આઈ. જે.આઈ. પરમારની સહી ઓળખી બતાવી **યાદી આંક–૫૫** થી રજુ કરે છે. વધુમાં ત.ક.અધિકારીને આંક–૨૩ વાળી અસલ ફરીયાદ બતાવવામાં આવતા જણાવે છે કે, તેઓની તપાસ દરમ્યાન તપાસના કામે અસલ ફરીયાદ મળેલ હતી તે જ છે તેમાં તેઓના પો.સ્ટે.ના પી.એસ.આઈ. જે.આઈ.પરમારની રૂબરૂપણામાં સહી ઓળખી બતાવે છે. વધુમાં તેઓને આંક–૧૧ વાળા આરોપીને અટક કર્યાના પંચનામાં બે પંચોની અને રૂબરૂપણામાં તેઓની સહી ઓળખી બતાવે છે. વધુમાં તેઓને આંક–૨૮ વાળુ હથીયાર તથા કપડા કબજે કર્યા અંગેનું પંચનામું બતાવતા જણાવે છે કે, જે ગુનાના કામે બે પંચોની રૂબરૂમાં આરોપી પાસેથી ગુનાના કામે ઉપયોગમાં લીધેલ હથીયાર લાકડુ તથા ગુના સમયે પહેરેલ કપડા કબજે કર્યા અંગેનું પંચોએ લખાવ્યા મુજબનું પંચનામું છે અને તેમાં પંચોની તથા રૂબરૂપણામાં તેઓની ઓળખી બતાવે છે. વધુમાં તેઓને આંક–૨૯ વાળુ રીકન્સ્ટ્રકશન પંચનામું બતાવતા જણાવે છે કે, તેમાં બે પંચોની રૂબરૂમાં આરોપીએ ગુનો કર્યા અંગેનું રી–કન્સટ્રકશન અંગેનું પંચોએ લખાવ્યા મુજબનું પંચનામું છે અને તેમાં પંચોની તથા રૂબરૂપણામાં તેઓની સહી છે. વધુમા તેઓને આંક–૨૦ વાળી પી.એમ. નોટ બતાવવા આવતા તે તપાસનાં કાગળોમાં સામેલ હતી તે જ હોવાનું જણાવે છે.

**(૨૨.૧) આંક–૩૪ નાં ત.ક.અધિકારીની ઉલટતપાસ :–** સદર સાહેદની ઉલટતપાસ આરોપી તરફે વિ. વકીલશ્રીએ કરેલ છે, જેમાં તેઓ કબુલ રાખે છે કે, ફરીયાદ અનુસંધાને અગાઉ જે નિવેદનો લેવામાં આવેલ તે તેઓએ વાંચીને અભ્યાસ કરેલ. સાહેદ કબુલ રાખે છે કે, સાહેદ કમળાબેને તેઓની રૂબરૂનાં તથા તા. ૨૬/૦૧/૨૦૧૭ નાં નિવેદનમાં ''રમેશે મારો હાથ પકડી છેડતી કરેલ'' એવી હકીકત લખાવેલ નથી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, તેમણે એવું લખાવેલ છે કે, ઠઠા મશ્કરી કરી ઈશારા કરી નજીક આવી સાથે આવવા જણાવેલ તેવી હકીકત જણાવેલ છે. સાહેદ કબુલ રાખે છે કે, સાહેદ કમળાબેને તેઓની રૂબરૂનાં નિવેદનમાં તથા તા. ૨૬/૦૧/૨૦૧૭ નાં નિવેદનમાં એવી હકીકત લખાવેલ નથી કે, ''રમેશે અજીતને આખા શરીરે ધારીયાથી કાપી મારી નાંખેલ.'' સાહેદ કબુલ રાખે છે કે, ફરીયાદીની ફરીયાદમાં એવી હકીકત લખાવેલ નથી કે, ''રમેશે કમળાબેનનો હાથ પકડી છેડતી કરેલ.'' સાહેદ કબુલ રાખે છે કે, સાહેદ સોમાભાઇ છોટુભાઇ વસાવાએ તા. ૨૬/૦૧/૨૦૧૭ તથા તા. ૧૩/૦૩/૨૦૨૫ નાં નિવેદનમાં તે હકીકત લખાવેલ નથી કે, ''રમેશે કમળાબેનનો હાથ પકડી છેડતી કરેલ.'' સાહેદ કબુલ કરે છે કે, તા. ૧૦/૦૩/૨૦૨૫ નાં રી–કન્સ્ટ્રકશન પંચનામા દરમ્યાન બનાવ સ્થળ પર કોઈ ઝુંપડુ હતું નહી કે કાટમાળ પણ હતો નહી. સાહેદ કબુલ રાખે છે કે, બનાવ ખેતરમાં બનેલ હોય તે જાહેર સ્થળ કહેવાય નહી. સાહેદ કબુલ રાખે છે કે, તેઓની તપાસ દરમ્યાન બનાવ નજરે જોનાર સાહેદ મળી આવેલ નથી. સાહેદ ઈન્કાર કરે છે કે, એફ.એસ.એલ.માં મોકલવા માટેનો મુદ્દામાલ કબજે કર્યા બાદ ૨૫ દિવસ બાદ મોકલેલો. સાહેદ ઈન્કાર કરે છે કે, આ કામે તેઓએ પંચનામામા તથા સાહેદોનાં નિવેદનો પો.સ્ટે.માં લખી લીધેલા છે.

**(૨૨.૨) આંક–૩૪ નાં ત.ક.અધિકારીના પુરાવાનું મુલ્યાંકન :–** સદર ત.ક.અધિકારીશ્રીનો પુરાવો જોતા, તેઓએ ગુનાની તપાસ લગત પુરાવો આપેલો છે. વધુમાં ફરીયાદપક્ષનાં કેસ મુજબ બનાવ તા. ૨૫/૦૧/૨૦૧૬ નાં રોજનો છે અને ત.ક.અધિકારીશ્રીએ હાલનાં આરોપીની ધરપકડ તા.

૦૯/૦૩/૨૦૨૫ નાં રોજ કરેલ છે તેમ જણાય છે. વધુમાં ત.ક.અધિકારીશ્રીનાં પુરાવા મુજબ આરોપીએ પંચો રૂબરૂ ઘટનાક્રમ કેવી રીતે બનેલ તે જણાવતું રી–કન્સ્ટ્રકશન પંચનામું કરેલાનું જણાવે છે, પરંતુ આ કામે તપાસવામાં આવેલ રી–કન્સ્ટ્રકશન પંચનામાના પંચ આ પંચનામાની હકીકતોને સમર્થન કરતા નથી, ત્યારે માત્ર ત.ક.અધિકારશ્રીની જુબાનીનાં આધારે રી–કન્સ્ટ્રકશનના પંચનામાની હકીકતો માની શકાય તેમ નથી. વધુમાં ત.ક.અધિકારીશ્રીનાં પુરાવા મુજબ તેઓએ આરોપી પાસેથી ગુનામાં વપરાયેલ હથિયાર લાકડાનો ધોકો કબજે કરેલાનું જણાવે છે, પરંતુ બનાવ વર્ષ–૨૦૧૭ નો છે અને ફરીયાદપક્ષનાં કેસ મુજબ આરોપી પોતાનું ઝુંપડુ સળગાવી નાસી ગયેલ, ત્યારે આટલા વર્ષો બાદ આરોપી ગુનામાં વપરાયેલ લાકડાનો ધોકો રજુ કરતા હોય તે હકીકત માની શકાય તેમ નથી અને આ કામે રીકવરી પંચનામાના પંચ પંચનામાની હકીકતને સમર્થન કરતા નથી, ત્યારે આરોપી પાસેથી લાકડાનો ધોકો કબજે કરેલ હોય તે હકીકત પુરવાર થયેલ નથી તેમજ આટલા વર્ષો સુધી આરોપીએ પોતાનું ઘર નહી હોવા છતા ગુનામાં વપરાયેલ લાકડાનો ધોકો પોતાની સાચવીને રાખેલ હોય અને તે પોલીસ સમક્ષ રજુ કરેલ હોય તે હકીકત માનવાલાયક નથી. આમ, ત.ક.અધિકારીશ્રીનો સમગ્ર પુરાવો જોતા તેઓએ ગુનાની તપાસ લગત પુરાવો આપેલ છે તે સિવાય કોઈ મહત્વની હકીકત જણાય આવેલ નથી. વધુમાં તે હકીકત પણ સ્પષ્ટ છે કે, અન્ય સ્વતંત્ર સાહેદોનાં સમર્થન સિવાય માત્ર ત.ક.અધિકારશ્રીની જુબાનીનાં આધારે આરોપીને ગુના સાથે સાંકળી શકાય નહી, તે સંજોગોમાં પણ અન્ય સ્વતંત્ર સાહેદોના સમર્થન સિવાય ત.ક.અધિકારીશ્રીનાં પુરાવાનાં આધારે આરોપીને ગુના સાથે સાંકળી શકાય તેમ નથી.

(૨૩) ત.ક.અધિકારીએ તેમની જુબાની દરમ્યાન તેઓએ કબજે કરેલ મુદ્દામાલ એફ.એસ.એલ.માં તપાસણી અર્થે મોકલાવેલ તેમ જણાવી આંક–૪૮ થી રવાનગી પત્રક રજુ કરેલ છે. સદર રવાનગી પત્રકમાં જણાવેલ મુદ્દામાલ યાદી તથા તપાસનો પ્રકાર જોવામાં આવે તો, આરોપીનું પેન્ટ તથા

શર્ટ માર્ક–'બી' તથા 'સી' તરીકે એફ.એસ.એલ.માં મોકલેલ છે અને જેમાં આરોપીના કપડા ઉપર લોહીની હાજરી છે કે કેમ ? અને જો હોય તો તેનું બ્લડ ગૃપ જણાવવા યાદીમાં જણાવેલ છે. વધુમાં આરોપી પાસેથી કબજે કરેલ એક લાકડુ કે જેને માર્ક–'ડી' આપી તેનાં ઉપર લોહીની હાજરી છે કે કેમ ? અને જો હોય તો તેનું બ્લડગૃપ જણાવવા યાદીમાં જણાવેલ છે. વધુમાં પોલીસે આરોપીનું બ્લડ સેમ્પલ માર્ક–'એ' થી મોકલેલ છે અને આરોપીનાં પેન્ટ, શર્ટ તથા કબજે કરેલ લાકડા ઉપર માર્ક–'એ' એટલે કે આરોપીનું બ્લ્ડગૃપની હાજરી છે કે કેમ ? તે અંગેની યાદી કરેલ છે તેમ સ્પષ્ટ થાય છે. આમ, સમગ્ર રવાનગી નોંધ તથા મુદ્દામાલ સેમ્પલની હકીકતો જોતા, ત.ક.અધિકારીશ્રીએ આરોપીનું બ્લડ સેમ્પલ મેળવી આરોપીનું બ્લડ આરોપીનાં કપડા તથા આરોપી પાસેથી કબજે થયેલ લાકડા ઉપર આરોપીનું બ્લડ ગૃપ આવે છે કે કેમ ? તે ચકાસણી અર્થે મોકલેલ છે. આમ, સમગ્ર રવાનગી નોંધ જોતા, આરોપી પાસેથી કબજે કરેલ લાકડા ઉપર મરણજનારનું લોહી છે કે કેમ ? કે આરોપીનાં કપડા ઉપર મરણજનારનું લોહી છે કે કેમ ? તે ચકાસવા કોઈ જ પ્રકારની કાર્યવાહી કરેલાનું જણાતું નથી કારણ કે, આ કામે પંચનામા મુજબ તથા મુદ્દામાલ પાવતી મુજબ બનાવ સમયે મરણજનારે પહેરેલ શર્ટ, પેન્ટ તથા મરણજનાર જે ગોદળી ઉપર સુતા હતા તે લોહીના ડાઘાવાળી ગોદળી, ખાટલાની પાટીનાં ટુકડા, ખાટલાની પાટીનો ટુકડો, લોહીવાળી માટી વર્ષ–૨૦૧૭ માં કબજે કરેલ છે, પરંતુ આ તમામ મુદ્દામાલ એફ.એસ.એલ.માં મોકલવામાં આવેલ છે કે કેમ ? તે બાબતેની કોઈ જ સ્પષ્ટતા ત.ક.અધિકારીશ્રી દ્વારા કરવામાં આવેલ નથી. વધુમાં આંક–પ૬ થી ત.ક.અધિકારીશ્રીએ રીપોર્ટ કરેલ છે કે, વર્ષ–૨૦૧૭ માં મરણજનાર અંગેનો જે મુદ્દામાલ કબજે લીધેલ તે મુદ્દામાલ આમોદ પો.સ્ટે.માં મળી આવેલ નથી કે આ મુદ્દામાલ સુરત એફ.એસ.એલ. ખાતે મોકલવામાં આવેલ હોય તેવી પણ કોઈ હકીકત કેસ કાગળોમાં જણાય આવેલ નથી કે સુરત એફ.એસ.એલ.ની રસીદ પણ જણાય આવેલ નથી તેવી હકીકત જાહેર કરેલ છે. આમ, ત.ક.અધિકારીશ્રીએ આરોપીનાં કપડા તથા ગુનામાં વપરાયેલ લાકડુ સને–૨૦૨૫ માં કબજે કરી એફ.એસ.એલ.માં મોકલાવેલ છે, પરંતુ

આરોપીનાં કપડા તથા લાકડા ઉપર મરણજનારનું બ્લડ છે કે કેમ ? તે મેચ કરવા સારુ મરણજનારનાં બ્લડગૃપવાળો કોઈ જ મુદ્દામાલ એફ.એસ.એલ.માં મોકલવામાં આવેલ નથી, ત્યારે આરોપીનાં કપડા તથા મુદ્દામાલ લાકડા અંગેનો એફ.એસ.એલ.નો રીપોર્ટ આવવાથી પણ આરોપીને કોઈપણ રીતે ગુનામાં સાંકળી શકાય તેમ નથી, જેથી એફ.એસ.એલ. રીપોર્ટ રેકર્ડ ઉપર નહી આવવાથી પ્રોસીકયુશનને કોઇ હાની થાય તેમ નથી. આમ, એફ.એસ.એલ.નો રીપોર્ટ આવે તો પણ તેનાં આધારે આરોપીને ગુના સાથે કોઈપણ રીતે સાંકળી શકાય તેમ નથી.

➢ **<u>ફરીયાદપક્ષ તરફે ઉપરોકત રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું તુલનાત્મક મુલ્યાંકન :–</u>**

**(૨૪) મરણજનારનું મૃત્યુ અકુદરતી મૃત્યુ છે તે અંગેનું મુલ્યાંકન :–** આરોપી સામે ઇ.પી.કો. કલમ–૩૦૨ મુજબનાં ગુનાનો આક્ષેપ છે, ત્યારે સૌપ્રથમ ફરીયાદપક્ષ દ્બારા મરણજનારનું મૃત્યુ અકુદરતી મૃત્યુ છે, તેવી હકીકત પુરવાર કરવાની રહે છે અને આ લગત ફરીયાદપક્ષ તરફે ડોકટરશ્રીનો પુરાવો આંક–૧૯ થી થયેલો છે તથા મરણજનારનો પી.એમ. રીપોર્ટ આંક–૨૦ થી રજુ થયેલ છે તેની ચર્ચા કરવામાં આવેલ છે તે મુજબ મરણજનારનું મૃત્યુ અકુદરતી મૃત્યુ છે તેવી હકીકત ફરીયાદપક્ષ પુરવાર કરવામાં સફળ નિવડેલ છે.

**(૨૫)** વધુમાં ફરીયાદપક્ષનાં કેસ મુજબ તા. ૨૫/૦૧/૨૦૧૭ નાં રોજ મરણજનાર અજીત છોટુભાઈ વસાવા તથા તેમનાં ભાઈઓ જમી પરવારી બેઠા હતા તે દરમ્યાન ફરીયાદી કનુભાઈ છોટાભાઈ વસાવાના ભાભી સાહેદ કમળાબેન બહાર ખાટલા ઉપર સુતા હતા તે સમયે આરોપીએ કમળાબેનની છેડતી કરી બદકામ કરવા ખરાબ ઈશારાઓ કરતા હોય તે મરણજનાર જોઈ જતા આરોપીને ઠપકો આપેલ અને આ અંગે બોલાચાલી થયેલ અને આ બાબતે આરોપીએ રીષ રાખી તા. ૨૫/૦૧/૨૦૧૭ નાં કલાક ૨૧:૦૦ થી તા. ૨૬/૦૧/૨૦૧૭ નાં કલાક ૦૬:૦૦ વાગ્યા દરમ્યાન મરણજનાર અજીત

વસાવાનાઓ તેમનાં ખેતરમાં સુવા માટે ગયેલ તે વખતે આરોપી રમેશભાઇ વસાવાએ કોઇ તિક્ષ્ણ હથિયાર અને કોઇ લાકડુ વડે મરણજનારને મોઢા ઉપર તથા જમણા પગનાં ઘુંટણનાં ઉપરનાં ગંભીર ઇજાઓ પહોંચાડી મરણ નિપજાવી પોતાનું ઝુંપડુ સળગાવી નાસી જઇ પુરાવાનો નાશ કર્યાનો આક્ષેપ છે. આમ, આરોપી સામેનાં આક્ષેપીત ગુનાની હકીકતો જોતા, આ કામે સાહેદ કમળાબેન મહત્વનાં સાહેદ છે અને આ કામે તેઓને આંક-૩૦ થી તપાસવામાં આવેલા છે, તેઓનાં પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવેલ છે તે મુજબ તેઓએ જુબાનીમાં એવું જણાવેલ છે કે, આરોપીએ મરણજનાર અજીતને આખા શરીરે ધારીયાથી કાપી મારી નાંખેલ, જયારે ફરીયાદપક્ષનો એવો કોઇ કેસ નથી અને મરણજનારનો પી.એમ. રીપોર્ટ જોતા પણ મરણજનારને ધારીયા વડે કાપી નાંખેલ હોય તેવી કોઇ ઇજાઓ લાશ ઉપર જણાય આવેલ નથી. આમ, સદર સાહેદ કમળાબેન ફરીયાદપક્ષનાં કેસની હકીકતોથી તદન વિપરીત હકીકત જણાવતા હોય તેમનો પુરાવો વિશ્વસનીય જણાતો નથી. વધુમાં આરોપી સામે કમળાબેનની છેડતી કર્યાનાં આક્ષેપને લાગેવળગે છે ત્યાં સુધી સાહેદ કમળાબેનના પુરાવાનું મુલ્યાંકન કરતા આરોપીએ સદર સાહેદ કમળાબેનનો હાથ પકડેલ હોય તેટલી હકીકત સાહેદ જણાવે છે તેથી વિશેષ છેડતી બાબતે કોઇ જ હકીકત સાહેદ જણાવતા નથી. આમ, સદર છેડતીનાં આક્ષેપ બાબતે પણ સદર સાહેદનો પુરાવો વિશ્વસનીય જણાતો નથી. વધુમાં આ કામે ફરીયાદી કનુભાઇ છોટાભાઇનો પુરાવો પણ મહત્વનો છે, પરંતુ તેઓ ગુજરી ગયેલ હોય તેમનો મરણનો દાખલો આંક-૧૨ તથા આંક-૪૦ થી રજુ થયેલ છે. આમ, ફરીયાદીની જુબાની આ કામે થયેલ નથી, જેથી ફરીયાદ લેનાર પી.એસ.આઇ. નાં આંક-૨૨ પુરાવા દરમ્યાન ફરીયાદ રજુ થયેલ છે અને ફરીયાદની હકીકત જોતા, બનાવ નજરે જોનાર કોઇ સાહેદ હોય તેવું ફરીયાદ થકી રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં આ કામે તપાસવામાં આવેલ અન્ય સાહેદો કે જેમાં આંક-૨૧ થી સોમાભાઇ છોટુભાઇ, આંક-૩૨ થી સાહેદ શનુભાઇ શઘુભાઇ વસાવા, આંક-૩૩ થી સાહેદ રઇજીભાઇ છોટુભાઇ વસાવાના પુરાવા મુજબ તેઓ હોસ્ટાઇલ જાહેર થયેલા છે અને તેઓ ફરીયાદપક્ષનાં કેસની હકીકતોને કોઇપણ રીતે સમર્થન

કરતા નથી. વધુમાં આ કામે ઉપરોકત સાહેદો સિવાય અન્ય સાહેદો મરણ ગયેલા છે તેમનાં મરણ ગયા અંગેનાં શેરા સાથેનાં સમન્સ સરપંચનાં દાખલા સાથે રેકર્ડ ઉપર રજુ થયેલ છે. વધુમાં આ કામે તપાસવામાં આવેલ પંચો તેમની જુબાનીમાં પંચનામાની હકીકતોને સમર્થન કરતા નથી અને તેઓ હોસ્ટાઇલ જાહેર થયેલા છે. આમ, ફરીયાદપક્ષ રેકર્ડ ઉપર રજુ થયેલ પંચનામાઓની હકીકતો પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે.

(૨૬) હાલનાં કામે ત.ક.અધિકારીશ્રી રાજેન્દ્રભાઈ કરમટીયાનો આંક–૩૪ નાં પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવેલ છે તે મુજબ તેઓએ તા. ૦૯/૦૩/૨૦૨૫ નાં રોજ આરોપીની ધરપકડ કરેલ છે તેમ સ્પષ્ટ થાય છે એટલે કે ગુનો બન્યાનાં આશરે આઠ વર્ષ પછી આરોપીની ધરપકડ થયેલ છે અને જે સમયે બનાવ બનેલ હતો અને ગુનાની ફરીયાદ નોંધાયેલ ત્યારબાદ અગાઉનાં ત.ક.અધિકારીશ્રીએ આ ગુનાની તપાસ કરેલ તે લગત પુરાવો તેમની જુબાની દરમ્યાન રજુ કરેલ છે, તે જોતા આંક–૪૧ થી સાઇન્ટીફીક ઓફિસરનાઓએ ગુનાવાળી જગ્યાએ જઈ સ્થળ મુલાકાતનો અહેવાલ આપેલ છે તે જોતા, બનાવવાળી જગ્યાએ પડેલ લોહીવાળી માટી, મરણજનારનાં લોહીવાળા કપડા, ખાટલાની લોહીવાળી પાટી, લોહીવાળી ગોદળી, વિગેરે એફ.એસ.એલ. સુરત ખાતે મોકલી આપવા સુચન કરેલાનું જણાય છે, પરંતુ ત.ક.અધિકારીશ્રીનો પુરાવો જોતા, અગાઉનાં ત.ક.અધિકારીશ્રીએ મરણજનારનાં લોહીવાળા કબજે થયેલ મુદ્દામાલ એફ.એસ.એલ. સુરત ખાતે મોકલવામાં આવેલ હોય તેવી કોઈ જ હકીકત જણાયેલ નથી અને ત.ક.અધિકારીશ્રીએ આંક–૫૬ ની પુરસીસથી જાહેર કરેલ છે કે, અગાઉનાં ત.ક.અધિકારીશ્રીએ કબજે કરેલ ઉપરોકત મુદ્દામાલ એફ.એસ.એલ. સુરત ખાતે મોકલાવેલ હોય તેવી કોઈ હકીકત તપાસ કરતા જણાય આવેલ નથી. આમ, ત.ક.અધિકારીશ્રીનાં પુરાવા થકી મરણજનાર લોહીવાળા કપડા, લોહીવાળી ગોદળી, લોહીવાળી માટી, લોહીવાળી ખાટલાની પાટી વિગેરે એફ.એસ.એલ.માં તપાસણી અર્થે ગયેલા નથી, તે હકીકત સ્પષ્ટપણે ફલીત થાય છે. વધુમાં હાલનાં ત.ક.અધિકારીશ્રીએ સને–૨૦૨૫ માં જયારે આરોપીની ધરપકડ કરી અને ગુનાની તપાસ કરી તે દરમ્યાન આરોપીનાં

કપડા તથા આરોપીએ રજુ કરેલ એક લાકડુ તેમજ આરોપીનું બ્લડ સેમ્પલ રવાનગી નોંધ સાથે એફ.એસ.એલ.માં મોકલાવેલ છે, જે રવાનગી નોંધ આંક–૪૮ થી રજુ છે અને ઉપરોકત ચર્ચા કરેલ છે તે મુજબ આ રવાનગી નોંધમાં ત.ક.અધિકારીશ્રીએ આરોપીનાં બ્લડ સેમ્પલનું બ્લડગૃપ જણાવવા અને આ બ્લડ ગૃપ આરોપીનાં કપડા તથા લાકડા ઉપર એટલે કે માર્ક–'બી', 'સી' તથા 'ડી' ઉપર જણાય આવે છે કે કેમ ? તે અંગે એફ.એસ.એલ.નો રીપોર્ટ માંગેલો છે. આ હકીકત જોતા, ત.ક.અધિકારશ્રીએ આ તમામ મુદ્ધામાલ માત્ર આરોપીનો જ મોકલાવેલ છે, ત્યારે એફ.એસ.એલ.નાં રીપોર્ટ મુજબનો રીપોર્ટ આવે તો પણ તેનાં ઉપર માત્રને માત્ર આરોપીનું બ્લડ ગૃપ મળી શકે, પરંતુ મરણજનારનું કોઈ જ બ્લડ ગૃપ આવી શકે નહી કારણ કે, મરણજનારનાં લોહીવાળા કોઈ જ મુદ્ધામાલ સેમ્પલ ત.ક.અધિકારી દ્ધારા એફ.એસ.એલ.માં મોકલવામાં આવેલ નથી, જેથી આરોપીનાં કપડા તથા મુદ્ધામાલ લાકડા ઉપર મરણજનારનું બ્લડગૃપ મેચ કરવા મરણજનારનાં લોહીવાળો કોઈ જ મુદ્ધામાલ ત.ક.અધિકારીશ્રી દ્ધારા મોકલવામાં આવેલ નથી તે જોતા, ત.ક.અધિકારીશ્રી દ્ધારા આ કામે તપાસ અંગે મહત્વની ખામી કહી શકાય તેવી હકીકત જણાય આવે છે. જો ત.ક.અધિકારીશ્રી દ્ધારા આરોપીનાં કપડા, આરોપી પાસેથી કબજે કરવામાં આવેલ ગુનામાં વપરાયેલ લાકડુ, આરોપીનું બ્લડ સેમ્પલ તેમજ મરણજનાર લોહીવાળા કપડા, બનાવવાળી જગ્યાની લોહીવાળી માટી, મરણજનાર જે ખાટલા ઉપર સુતેલા તેની લોહીવાળી પાટી, લોહીવાળી ગોદળી વિગેરે તમામ મુદ્ધામાલ એફ.એસ.એલ.માં મોકલવામાં આવેલ હોત તો એફ.એસ.એલ. અધિકારી આ બ્લડગૃપ મેચ કરી આરોપીનાં કપડા તેમજ લાકડા ઉપર મરણજનારનું બ્લડગૃપ વાળુ લોહી આવે છે કે કેમ ? તે અંગેનો ચોકકસ રીપોર્ટ આપી શકયા હોય અને તેનાં આધારે પણ આરોપીને ગુના સાંકળી શકાય તેવો પુરાવો રેકર્ડ આવી શકયો હોત. આમ, ભલે કોઈ નજરે જોનાર સાહેદ ન હોય તો પણ એફ.એસ.એલ.નો રીપોર્ટ ફરીયાદપક્ષને મદદરૂપ થઈ શકે તેમ હતો, પરંતુ આ કામે મરણજનારનાં લોહીવાળો કોઈ જ મુદ્ધામાલ એફ.એસ.એલ.માં મોકલવામાં આવેલ નથી અને માત્ર ને માત્ર આરોપીનાં કપડા તથા કબજે

થયેલ લાકડુ તેમજ આરોપીનું બ્લડ સેમ્પલ એફ.એસ.એલ.માં તપાસ અર્થે મોકલેલ છે તે જોતા ત.ક.અધિકારીશ્રીએ આ કેસમાં પુરતો પુરાવો મેળવવા પ્રયત્ન કરેલ નથી તેવું સ્પષ્ટપણે જણાય છે અને આ બાબતે તપાસમાં મહત્વની ખામી રહેલ છે, ત્યારે તેનો લાભ આરોપીને મળતો હોય તેમ જણાય છે. આમ, ત.ક.અધિકારીશ્રીનાં પુરાવાનાં આધારે પણ આરોપીને ગુના સાથે સાંકળી શકાય તેવો મહત્વનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.

**(૨૭)** આમ, ઉપરોકત ચર્ચા કરી તે મુજબ તા. ૨૫/૦૧/૨૦૧૭ ના રોજ રાત્રીના આઠેક વાગ્યાના સુમારે મરણજનાર અજીત છોટુભાઈ વસાવા તથા તેમના ભાઈઓ સાથે જમી પરવારી બેઠા હતા દરમ્યાન ફરીયાદીના ભાભી સાહેદ કમળાબેન બહાર ખાટલા પર સુતેલા હતા તે વખતે આરોપીએ કમળાબેનની છેડતી કરી બદનામ કરવાના ઈરાદે ખરાબ-ખરાબ ઈશારાઓ કરતા હોય જે મરણજનાર જોઈ જતાં મરણજનારે આરોપીને ઠપકો આપેલ કે, ''તું અમારા ઘરે ખાઈને અમારા જ ભાભીની છેડતી કરે છે'' તેમ કહેતા મરણજનાર અજીતભાઈ તથા આરોપી રમેશ મેલાભાઈ વસાવાનાઓ વચ્ચે બોલાચાલી થયેલી હતી જે વાતી રીષ રાખી તા. ૨૫/૦૧/૨૦૧૭ ના કલાક ૨૧:૦૦ થી તા.૨૬/૦૧/૨૦૧૭ ના કલાક ૬:૦૦ વાગ્યા દરમ્યાન આ કામના મરણજનાર અજીત છોટુભાઈ વસાવાનાઓ તેમના ખેતરમાં ભુંડ નુકશાન કરતા હોય, જેથી રાત્રીના પાક સાચવવા ખેતરમાં સુવા માટે ગયેલ હોય તે વખતે આરોપીએ કોઈ તિક્ષ્ણ હથિયાર અને કોઈ લાકડુ (બોથડ પદાર્થ) વડે મરણજનારને મારી મોઢા ઉપર તથા જમણા પગના ઘુંટણના ઉપરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી મરણજનાર અજીતભાઈ છોટુભાઈ વસાવાનું મોત નિપજાવી પોતાનુ ઝુંપડુ સળગાવી નાસી જઈ તથા મહે. કલેકટર સાહેબ ભરૂચનાઓના જાહેરનામાનો ભંગ કરી આજદીન સુધી નાસતો ફરતો રહી પુરાવાનો નાશ કરી પકડાઈ જઈ આરોપીએ ઇ.પી.કો.કલમ-૩૦૨, ૩૫૪(એ)૧, ૨, ૨૦૧, જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનો ગુનો આરોપીએ કરેલ હોવાની હકીકત શંકા રહીત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોય, **મુદ્દા નં. ૧** નો જવાબ ''**નકારમાં**'' આપી **મુદ્દા નં. ૨** પરત્વેનો છેવટનો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

(૧) આ કામનાં આરોપી **રમેશભાઈ મેલાભાઈ વસાવા,** રહે.માનસીંગપુરા ગામ,તા.આમોદ, જી.ભરૂચનાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૩૫(૧) અન્વયે ઇ.પી.કો. કલમ- ૩૦૨, ૩૫૪(એ)૧, ૨, ૨૦૧ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનાં શિક્ષાપાત્ર ગુનાના કામે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામનાં આરોપી જયુડી. કસ્ટડીમાં હાલ ભરૂચ જિલ્લા જેલ ખાતે હોય આરોપીની અન્ય ગુનાના કામે જરૂરીયાત ન હોય તો હાલનાં ગુનાના કામે જેલ મુકત કરવા ભરૂચ જિલ્લા જેલ, જેલરશ્રીને યાદી કરવી.

(૩) આ કામનાં આરોપીએ સી.આર.પી.સી. કલમ-૪૩૭(એ) અન્વયે અપીલ થાય તો તેમાં હાજર રહેવા માટે રૂા. ૨૫,૦૦૦/- (અંકે રૂપિયા પચ્ચીસ હાજર પુરા) ના નવા સધ્ધર જામીન તથા તેટલી જ રકમનાં જાત મુચરકા આપવા હુકમ કરવામાં આવે છે.

(૪) હાલનાં ગુનાના કામે મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ ધોરણસર રીતે નાશ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ **તા. ૨૪ મી, માહે : એપ્રિલ, સને : ૨૦૨૬** ના રોજ અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૪/૦૪/૨૦૨૬
સ્થળ : ભરૂચ

SUC

**(પિંકલ એમ. સોની )**
પાંચમાં એડીશનલ સેસન્સ જજ,
ભરૂચ.
**(કોડ નં. જી.જે. ૦૦૭૪૭)**